બોર્ડ બેઠક નં.૨૬૨ તા.૨૪/૦૨/૨૦૨૫ ને સોમવાર ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે
સ્થળ :- વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના કમિટિ રૂમમાં

| મુદ્દા નં | વિષય | ઠરાવ નંબર | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/૧૨/૨૪ ની ૨૬૧ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોને બહાલી આપવા બાબત. | ૨૯૭૮ | ૨ થી ૮ |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૭/૦૨/૨૪ ની ૨૫૯ મી બોર્ડ તથા તા.૧૨/૦૩/૨૪ ની ૨૬૦ મી ખાસ બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોનાં અમલીકરણ બાબત. | ૨૯૭૯ | ૯ થી ૨૨ |
| ૩ | મોજે અટલાદરા વળતર કેસ નં.૧૪/૯૧ એવોર્ડ તા.૨૮/૧૨/૯૪ રેવન્યુ સર્વે નં.૧૧ ક્ષેત્ર.હે.૦-૩૪-૪૦ દરખાસ્ત કેસ નં.૦૧/૨૦૨૦ ના કામે નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટે, વડોદરા દ્વારા આંક ૧૯ ની અરજી લગત તા.૦૩/૦૧/૨૦૨૩ ના હુકમ મુજબ તફાવતની રકમ રૂ .૨૭,૯૩,૪૯૦/- નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જમા કરવા બાબત. | ૨૯૮૦ | ૨૩ |
| ૪ | નર્મદાની વડોદરા બ્રાન્ચ કેનાલ આધારિત વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) ના પુર્વ વિસ્તારમાં આવેલા ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાની કામગીરી અંતર્ગત નવીન તથા વધારાની કામગીરી બાબત. | ૨૯૮૧ | ૨૪-૨૫ |
| ૫ | વુડા વિસ્તારના મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ અને સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ ને જોડતી ડ્રેનેજ નેટવર્ક અને ટી.પી.સ્કીમ નં. ૨૪/એ તથા ૨૪/બી માંથી પસાર થતા ૭૫.૦૦ મીટર રોડ પર મેઈન ટ્રંક લાઈન નાખવાની કામગીરી બાબત. | ૨૯૮૨ | ૨૬ |
| ૬ | સત્તામંડળનું સને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૫-૨૬ નું અંદાજપત્રને બહાલી આપવા બાબત. | ૨૯૮૩ | ૨૭ |
| ૭ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૫ (હનુમંતપુરા-<br>અણખોલ-ખટંબા-બાપોદ) નો એવાર્ડ પહેલાંની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત. | ૨૯૮૪ | ૨૮ |
| ૮ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના ૦૨ (સમા-દુમાડ-વેમાલી) નો એવાર્ડ પહેલાંની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત. | ૨૯૮૫ | ૨૯ |

સભ્ય-સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

# બોર્ડ બેઠક નં.૨૬૨

## વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૪/૦૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

---

**બોર્ડ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.**

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષ શ્રી<br>વ<br>સભ્યશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (૩) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી<br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા | સભ્ય-વ સચિવશ્રી |
| (૪) | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર ના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| (૫) | પ્રાદેશિક કમિશ્નરશ્રી<br>નગર પાલિકાઓની કચેરી, વડોદરા | સભ્યશ્રી |

આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૦૧ થી ૦૮ કુલ - ૦૮ મુદ્દાની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુદ્દા નંબર (૦૧) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/૧૨/૨૪ ની ૨૬૧ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/૧૨/૨૪ ની ૨૬૧ મી બોર્ડ બેઠકમાં મુદ્દા નં. ૦૧ થી ૩૦ અને અધ્યક્ષ સ્થાનેથી ૦૧ મળી કુલ ૩૧ મુદ્દાના નાં ઠરાવ નં. ૨૯૪૭ થી ૨૯૭૭ સુધીના લેવાયેલા નિર્ણયોને બહાલી અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ છે. જે બોર્ડ બેઠક સમક્ષ બહાલી માટે રજુ થતા ઠરાવો બાબતે કોઈ સભ્યશ્રી તરફથી સલાહ સૂચન ન હોઈ સર્વાનુમતે બહાલી આપી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૯૭૮) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૬/૧૨/૨૪ ની ૨૬૧ મી બોર્ડ બેઠકમાં મુદ્દા નં. ૦૧ થી ૩૦ અને અધ્યક્ષ સ્થાનેથી ૦૧ મળી કુલ ૩૧ મુદ્દાના નાં ઠરાવ નં. ૨૯૪૭ થી ૨૯૭૭ સુધીના લેવાયેલા નિર્ણયોને બહાલી આપવામાં આવી.

## ૨૬૧ મી બોર્ડ બેઠકના ઠરાવને બહાલી

| મુદ્દા નં | વિષય | ઠરાવ નંબર |
|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૭/૦૨/૨૪ ની ૨૫૯ મી બોર્ડ તથા તા.૧૨/૦૩/૨૪ ની ૨૬૦ મી ખાસ બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૪૭) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૭/૦૨/૨૪ ની ૨૫૯ મી બોર્ડ બેઠકમાં મુદ્દા નં. ૦૧ થી ૨૨ નાં ઠરાવ નં. ૨૯૧૩ થી ૨૯૩૪ તથા તા.૧૨/૦૩/૨૪ ની ૨૬૦ મી ખાસ બોર્ડ બેઠકમાં મુદ્દા નં. ૦૧ થી ૧૧ અને અધ્યક્ષ સ્થાનેથી ૦૧ મળી કુલ ૧૨ મુદ્દાના ઠરાવ નં. ૨૯૩૫ થી ૨૯૪૬ સુધીના લેવાયેલા નિર્ણયોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૧૧/૨૩ ની ૨૫૮ મી બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોનાં અમલીકરણ બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૪૮) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૧૧/૨૩ ની ૨૫૮ મી બોર્ડ બેઠકમાં મુદ્દા નં. ૦૧ થી ૨૧ અને અધ્યક્ષ સ્થાનેથી ૦૧ મળી કુલ ૨૨ મુદ્દાના ઠરાવ નં. ૨૮૯૧ થી ૨૯૧૨ સુધીના લેવાયેલા નિર્ણયોનાં અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. |
| ૩ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં વકીલોની પેનલ નક્કી કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૪૯) : વુડાનાં હાઈકોર્ટ કેસોના ભારણને ધ્યાને લેતા વુડાના બચાવપક્ષે યોગ્ય રજૂઆત થઇ શકે તે માટે અત્રેના બોર્ડ બેઠક નં.૨૩૭ નાં ઠરાવ ક્રમાંક:૨૫૦૨ થી નિમણુંક આપેલ નામદાર ગુજરાત હાઈકોર્ટના વકીલશ્રી હેમંત મુન્શોની નિમણુંક રદ કરી નવેસરથી વુડા હાઈકોર્ટના કેસો માટે એડવોકેટશ્રીની પેનલની રચના બોર્ડ બેઠક નં.-૨૩૯ તા.૨૧/૦૨/૨૦૧૯ નાં ઠરાવ ક્રમાંક : ૨૫૬૬ થી ફી નું ધોરણ નક્કી કરેલ છે તે ધોરણે કામગીરી કરવા એડવોકેટ શ્રી ગુરૂશરણ, શ્રી અગ્નેશ પંચાલ, શ્રી વિજય વનરાજ અને શ્રી કેદાર બેનીવાલેની સંમતિ મેળવી તેઓને નિમણુક આપવા અર્થે બોર્ડ બેઠક સમક્ષ મુદ્દો રજુ કરતા તેઓશ્રીની સંમતિ મેળવી નવેસરથી વુડા હાઈકોર્ટના કેસો માટે એડવોકેટની પેનલની રચના કરવા ઠરાવવામાં આવ્યું. |
| ૪ | સને ૨૦૨૪-૨૫ નાં વર્ષ માટે આઉટ સોર્સીંગ મેનપાવર સર્વિસ પુરી પાડવા અંગેના ટેન્ડર પ્રક્રિયાના રેન્ક L-1 ના ટેન્ડરરશ્રી દેવી દુર્ગા કન્સ્ટ્રકશન એન્ડ સિક્યુરિટીઝ કોન્ટ્રાક્ટને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૫૦) : સને ૨૦૨૪-૨૫ નાં વર્ષ માટે આઉટ સોર્સીંગ મેનપાવર સર્વિસ પુરી પાડવા અંગે ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયાના રેન્ક L-1 નાં ટેન્ડરર શ્રી દેવી દુર્ગા કન્સલટન્સી એન્ડ સિક્યોરિટીઝને અત્રેની કચેરીના હુકમ નં.યુડીએ/એડીએમ/૮૯૦/૨૪ તા.૩૦/૦૮/૨૪ થી આઉટ સોર્સિંગ મેનપાવરથી કર્મચારીઓની સેવા લેવા માટે તા.૦૧/૦૯/૨૦૨૪ થી તા.૩૧/૦૮/૨૫ સુધીનો અથવા અત્રેથી નવા ભાવો મંજુર કરવામાં આવે ત્યાં સુધી વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જેને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| ૫ | ર્ષ માટે ભાડેથી વાહન રાખવા માટેની સર્વીસ પુરી પાડવા અંગેના<br>ટેન્ડર પ્રક્રિયાના રેન્ક L-1 ટેન્ડરરશ્રી શ્રી ગુરુકૃપા ટ્રાવેલ્સને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક: (૨૯૫૧) સત્તામંડળની કચેરીની જુદી-જુદી શાખાઓ માટે ભાડે વાહન રાખવા સ્વીફ્ટ ડીઝાયર, મહિન્દ્રા બોલેરો, મહિન્દ્રા સ્કોર્પિયો, મારૂતી અર્ટીગા, ઈનોવા ક્રિષ્ટા ભાડેથી રાખવા ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે એજન્સી રેન્ક L-1 ટેન્ડરરશ્રી શ્રી ગુરૂકૃપા ટ્રાવેલ્સને બહાલી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| ૬ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં ઉપયોગ માટેના સદર વાહનો નિકાલ કરવા બાબત. | ઠરાવ ક્રમાંક: (૨૯૫૨) અત્રેની કચેરીના વાહન નં- GJ-06-GA-0359 વાહન નં GJ-06-G-1959 વાહન નં GJ-06-G-1661 વાહન નં GJ-06-G-1152 ને સરકારશ્રીના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના ઠરાવ ક્રમાંક:- PTD/MSM/e-file/22/2023/0292/GH તા.૨૪/૦૮/૨૦૨૩ મુજબ સરકારી વાહનોને રદબાતલ કરવાની કાર્ય પદ્ધતી મુજબ નિકાલ કરી નવા બે (૨) વાહન (૧) માન.ચેરમેનશ્રી અને (૨) માન.મુખ્ય કારોબારી અધિકારીશ્રી માટે ખરીદી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| ૭ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા બજો અંતર્ગત બાંધવામાં આવેલા આવાસો | ઠરાવ ક્રમાંક (૨૯૫૩) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તમામ દુકાનોના નિકાલ કરવા જે તળીયાની કિંમત વધુ છે. તે નક્કી કરેલ હોઇ તે મુજબ સદર દુકાનોના નિકાલ કરવા અપસેટ વેલ્યુ મુજબ ઓફલાઈન જાહેર હરાજીથી વેચાણ કરવા અંગે તા.૨૨/૦૮/૨૦૨૪ ના રોજ માહિતી ખાતામાં જાહેરાત |

| | | |
|---|---|---|
| | ખાતે આવેલ દુકાનો/ ઓફીસોની અપસેટ વેલ્યુ નક્કી કરવા તથા જાહેર હરાજીથી નિકાલ બાબત. | આપી દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર ખબર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં ટેન્ડર/ભાવપત્રક આપવાની છેલ્લી તા.૧૪/૧૧/૨૦૨૪ અને પરત લેવાની તા.૧૯/૧૧/૨૦૨૪ રાખવામાં આવેલ છે. જે સમય પુરો થતા દુકાનો/ઓફીસોના કુલ=૪૩ ટેન્ડર/ભાવપત્રક મળેલ છે. જે મળેલ ટેન્ડરો તા.૨૬/૧૧/૨૦૨૪ ના રોજ કચેરી ધ્વારા ખોલવામાં આવેલ છે. જેની હરાજી અનુક્રમે તા.૧૧/૧૨/૧૩-૧૨-૨૦૨૪ ના રોજ રાખવામાં આવેલ છે. જે ભાવો મેળવી ઓફલાઈન જાહેર હરાજીથી વેચાણ માટે કરેલ કાર્યવાહી ને બહાલી આપવા ઠરાવવામાં આવ્યુ. |
| ૮ | મોજે હરણી વળતર કેસ નં.૨૧/૯૫ એવોર્ડ તા.૩૧/૧૨/૯૭ થી સંપાદન કરેલ જમીનના ડિસ્ટ્રિક્ટ કોર્ટના LAR નં.૧૨૩/૦૯ થી ૧૨૯/૦૯ કેસોમાં કોર્ટના હુકમ મુજબ ચુકવવાની થતી વધારાના વળતરની રકમ રૂ.૬,૧૭,૦૬,૨૮૭/- કોર્ટમાં જમા કરાવ્યા બાબત | ઠરાવ ક્રમાંક (૨૯૫૪) : નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં મોજે હરણી વળતર કેસ નં.૨૧/૯૫ એવોર્ડ તા.૩૧/૧૨/૧૯૯૭ **LAR** ૧૨૩/૦૯ થી ૧૨૯/૦૯ મળી કુલ-૭ લેન્ડ રેફરન્સ કેસમાં નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટના હુકમ તા.૨૮/૦૨/૨૩ મુજબ ચુકવવાની થતી વધારાની વળતરની રકમ રૂ.૭૫,૦૧,૬૯૭/- ચેક નં.૦૧૩૯૯૩ તા.૧૯/૦૯/૨૪ અને રકમ રૂ.૫,૪૨,૦૪,૫૯૦/- ડીડી નં.૦૬૭૯૦૧ તા.૧૧/૧૧/૨૪ કુલ મળી વધારાની રકમ રૂ.૬,૧૭,૦૬,૨૮૭/- (અંકે રૂ.છ કરોડ સત્તર લાખ છ હજાર બસો સિત્યાસી પુરા) નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જમા કરવામાં આવેલ છે. જે અંગે થયેલ કાર્યવાહીને બહાલી મળવા બોર્ડ બેઠકના સર્વેસભ્યોશ્રીઓની સમંતીથી ઠરાવવામાં આવ્યું. |
| ૯ | મોજે કોટાલી વળતર કેસ નં.૮/૯૧ એવોર્ડ તા.૨૫/૧૧/૯૯ થી સંપાદન કરેલ જમીનના ડિસ્ટ્રિક્ટ કોર્ટના LAR નં.૨૨૧/૦૩ થી ૨૩૧/૦૩ અને ૨૫૩/૦૩ ૨૫૬/૦૩ કેસોમાં કોર્ટના હુકમ મુજબ ચુકવવાની થતી વળતરની રકમ રૂ.૧૦,૨૩,૨૩,૧૭૮/- કોર્ટમાં જમા કરાવ્યા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૫૫): નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં મોજે કોટાલી વળતર કેસ નં.૮/૯૧ એવોર્ડ તા.૨૫/૧૧/૧૯૯૯ **LAR** ૨૨૧/૦૩ થી ૨૩૧/૦૩ અને ૨૫૩/૦૩ થી ૨૫૬/૦૩ મળી કુલ-૧૫ લેન્ડ રેફરન્સ કેસમાં નામદાર ડિસ્ટ્રિક્ટકોર્ટના હુકમ તા.૩૧/૦૮/૨૦૨૩ મુજબ ચુકવવાની થતી વળતરની રકમ રૂ.૧૦,૨૩,૨૩,૧૭૮/- (અંકે રૂ. દસ કરોડ તેવીસ લાખ તેવીસ હજાર એક્સો ઈઠીયોતર પુરા) ચેક નં.૦૧૩૫૯૭ તા.૨૨/૦૫/૨૦૨૪ નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જમા કરવામાં આવેલ છે. જે અંગે થયેલ કાર્યવાહીને બહાલી મળવા બોર્ડ બેઠક ના સર્વેસભ્યોશ્રીઓની સમંતીથી ઠરાવવામાં આવ્યું |
| ૧૦ | મોજે આમલીયારા વળતર કેસ નં.૧૩/૯૧ એવોર્ડ તા.૨૫/૧૧/૯૯ થી સંપાદન કરેલ જમીનના ડિસ્ટ્રિક્ટ કોર્ટના LAR નં.૧૯૩/૦૩ થી ૨૦૧/૦૩ અને ૨૩૨/૦૩ થી ૨૫૨/૦૩ મળી કુલ-૪૮ લે.રેફરન્સ કેસોમાં કોર્ટના હુકમ મુજબ ચુકવવાની થતી વધારાના વળતરની રકમ રૂ.૪૫,૩૧,૨૫,૨૧૫/- (અંકે રૂપિયા પિસ્તાળીસ કરોડ એકત્રીસ લાખ પચીસ હજાર બસ્સો પંદર પુરા) નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જમા કરાવ્યા બાબત | ઠરાવ ક્રમાંક (૨૯૫૬): નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં મોજે આમલીયારા વળતર કેસ નં.૧૩/૯૧ એવોર્ડ તા.૨૫/૧૧/૧૯૯૯ **લેન્ડ રેફરન્સ** કેસ **નં.**(૧)૧૯૩/૦૩ **થી** ૨૦૧/૦૩ (૨)૨૦૩/૦૩ થી ૨૨૦/૦૩ અને (૩)૨૩૨/૦૩ થી ૨૫૨/૦૩ મળી કુલ-૪૮ લેન્ડ રેફરન્સ કેસમાં નામદાર ડિસ્ટ્રિક્ટકોર્ટના હુકમ તા.૨૮/૦૮/૨૦૨૩ મુજબ ચુકવવાની થતી વધારાના વળતરની રકમ રૂ.૪૫,૩૧,૨૫,૨૧૫/- (અંકે રૂપિયા પિસ્તાળીસ કરોડ એકત્રીસ લાખ પચીસ હજાર બસ્સો પંદર પુરા) થી નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જમા કરવામાં આવેલ છે. જે અંગે થયેલ કાર્યવાહીને બહાલી મળવા બોર્ડ બેઠક ના સર્વેસભ્યોશ્રીઓની ઠરાવવામાં આવ્યું |
| ૧૧ | વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના સને ૨૦૨૩-૨૪ના વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૫૭): સત્તામંડળનાં સને ૨૦૨૩-૨૪ ના વાર્ષિક હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. |
| ૧૨ | વુડા ભવન બિલ્ડીંગ તથા વુડા ઓફીસમાં કલરકામ, મરામત, નવીની કરણને લગતી | ઠરાવ ક્રમાંક (૨૯૫૮) : વુડા ભવનના બીજા માળ ઉપર આવેલ ઓપન ટેરેસની જગ્યાનો ઓફીસો બનાવવા અર્થે ઉપયોગ કરી બીજા માળનું વિસ્તરણ કરવાની કામગીરીમાં વુડા ઓફીસ તથા બિલ્ડીંગમાં કલરકામ, મરામત, |

| | | |
|---|---|---|
| | કામગીરી કરવા માટે થનાર ખર્ચની મંજુરી આપવા બાબત. | નવીનીકરણની વધારાની નવીન કામગીરી કરવા માટે થનાર ખર્ચ રૂ. ૫૯,૯૩,૭૫૩/- ને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. |
| ૧૩ | વુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મોજે ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૦૨, એફ.પી. નં. ૧૩, ૨૩ અને ૪૯ ના આવાસોના બાંધકામના કામગીરી અંતર્ગત આવાસ યોજનામાં બનાવવામાં આવેલ મીની એસ.ટી.પી. ની વધારાની કામગીરીના ખર્ચને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૫૯) : વુડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મોજે ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૦૨, એફ.પી. નં. ૧૩ અને ૨૩ ખાતેની આવાસ યોજનામાં બનાવવામાં આવેલ મીની એસ.ટી.પી. ની વધારાની કામગીરીમાં થનાર ખર્ચને બહાલી આપવામાં આવી તથા સદર કામગીરીના ખર્ચનો સદર પી.એમ.એ.વાય. યોજના અંતર્ગત પાડવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. |
| ૧૪ | મોજ ટી.પી.સ્કીમ નં. ૨૫ (હનુમાનપુરા-અણખોલ-બાપોદ-ખટંબા) માં ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરીમાં કરવામાં આવેલ વધારાની કામગીરીના ખર્ચને મંજુરી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૬૦) : મોજ ટી.પી.સ્કીમ નં. ૨૫ (હનુમાનપુરા-અણખોલ-બાપોદ-ખટંબા) માં ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરીમાં કરવામાં આવેલ વધારાની કામગીરીમાં થનાર ખર્ચ રૂ.૧,૬૯,૮૭,૯૬૩/- ને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. |
| ૧૫ | વુડા હસ્તકના વિવિધ ટી.પી. ના મુખ્ય રસ્તા પર સ્ટ્રીટ લાઈટ નાખવાની કામગીરીને મંજુરી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૬૧) : વુડા હસ્તકના વિવિધ ટી.પી. નગર રચના યોજના બનાવવાને કારણે યોજના મુજબ ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી હાથ ધરવાથી આ વિસ્તારનો થઈ રહેલ વિકાસને ધ્યાને લઈ સદર ગામોના માન. ધારાસભ્યશ્રી, સરપંચશ્રી, ગ્રામ પંચાયત તથા તેના સભ્યો દ્વારા અત્રેની કચેરીએ કરવામાં આવેલ રજુઆતને ધ્યાને લઈ અત્રેની કચેરી દ્વારા સદર વિસ્તારોમાં મુખ્ય રસ્તા પર સ્ટ્રીટ લાઈટ નાખવાની કામગીરી કરવામાં આવશે તથા સ્ટ્રીટ લાઈટની કામગીરી કર્યા બાદ તેની નિભાવણી તથા લાઈટ બીલ ભરવાની તમામ જવાબદારી જેતે ગ્રામ પંચાયતની રહેશે. આમ વુડા હસ્તકના વિવિધ ટી.પી. ના મુખ્ય રસ્તા પર સ્ટ્રીટ લાઈટ નાખવાની કામગીરીને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. |
| ૧૬ | વુડા દ્વારા બનાવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મોજે બીલ ટી.પી.સ્કીમ નં. ૨ એફ.પી. ૩૮ માં બનાવવામાં આવેલ મીની એસ.ટી.પી. ના નિભાવણીના ખર્ચને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૬૨) : વુડા દ્વારા બનાવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મોજે બીલ ટી.પી.સ્કીમ નં. ૨ એફ.પી. ૩૮ માં બનાવવામાં આવેલ મીની એસ.ટી.પી. બનાવવામાં આવેલ છે. સદર એસ.ટી.પી. માં વડોદરા મહાનગરપાલિકા દ્વારા ડ્રેનેજ લાઈનનું જોડાણ આપવામાં નહી આવે ત્યાં સુધી સદર એસ.ટી.પી. ના ઓપરેશન અને મેન્ટેનન્સની કામગીરી માટે થનાર અંદાજીત રૂ.૨૫,૦૦૦/- (૦૨ શિફ્ટ મુજબ ૦૨ ઓપરેટર) ખર્ચને ૦૨ વર્ષ સુધી સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગતના સદરે પાડવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. |
| ૧૭ | વુડા દ્વારા કરવાના થતા ઈન્ફ્રાસ્ટ્રકચર તથા આવાસોની કામગીરી માટે પી.એમ.સી. તથા ટી.પી.આઈ. ના નવીન ટેન્ડર બહાર પાડવાની કામગીરી અથવા સમયમર્યાદા આવનાર ૧૨ માસ માટે વધારવાની કામગીરીને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૬૩) : વુડા દ્વારા કરવાના થતા ઈન્ફ્રાસ્ટ્રકચર તથા આવાસોની કામગીરી માટે પી.એમ.સી. તથા ટી.પી.આઈ. નું ટેન્ડર વર્ષ-૨૦૨૨ માં ૦૨ વર્ષના સમયગાળા માટે આપવામાં આવેલ સદર ટેન્ડરની સમયમર્યાદા તા. ૨૧/૦૧/૨૦૨૫ ના રોજ પુર્ણ થાય ત્યારબાદ હાલમાં કાર્યરત ટેન્ડરની જ સમયમર્યાદા વધુ ૧૨ માસ માટે વધારવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. |

| | | |
|---|---|---|
| ૧૮ | એન્યુઅલ રેટ ફોર ક્લીનીગ ટુ વેરીઅસ સ્ટ્રોમ વોટર ડ્રેઇન /નાલા અંડર વુડા એરિયા, વડોદરા ફોર ધ યર ૨૦૨૩-૨૪ ઇન (આઈટમ રેટ) ની કામગીરી માટે થનાર ખર્ચની બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૬૪) : એન્યુઅલ રેટ ફોર ક્લીનીગ ટુ વેરીઅસ સ્ટ્રોમ વોટર ડ્રેઇન /નાલા અંડર વુડા એરિયા, વડોદરા ફોર ધ યર ૨૦૨૩-૨૪ ઇન (આઈટમ રેટ) ની કામગીરી માટે વર્ષ ૨૦૨૩-૨૪ માં વર્ક ઓર્ડર આપ્યા બાદ સદર કામગીરી માટે અંદાજીત ખર્ચ રૂ. ૪૫,૦૦,૦૦૦/- જેટલો થયેલ ત્યારબાદ ચોમાસાની ઋતુ શરૂ થતા પહેલા વરસાદી કાંસની સાફ-સફાઈની કામગીરી માટે સદર કામગીરીની સમયમર્યાદા તા. ૩૦/૧૧/૨૦૨૪ સુધી વધારી આપેલ જેમાં સદર કામગીરી માટે અંદાજીત ખર્ચ રૂ. ૫૧,૦૦,૦૦૦/- જેટલો થયેલ આમ કુલ અંદાજીત થયેલ ખર્ચ રૂ. ૯૬,૦૦,૦૦૦/- ને બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. |
| ૧૯ | વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેટા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના. | ઠરાવ ક્રમાંક (૨૯૬૫) : વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેટા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજનાની કામગીરી માટે એન્યુઅલ રેટ કોન્ટ્રાક્ટ (૨૦૨૩-૨૪) હેઠળ O & M ની કામગીરી બાબતે ટેન્ડર બહાર પાડવામાં આવેલ જે ટૂંક સમયમાં પૂર્ણ થતો હોવાથી અત્રે દ્વારા સદર પાણી વિતરણની કામગીરી ચાલુ રાખવા એન્યુઅલ રેટ કોન્ટ્રાક્ટ (૨૦૨૪-૨૫) હેઠળ ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. જે કામની બહાલી આપવા તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂ. ૭૦ લાખને મંજૂરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. |
| ૨૦ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૩ (ઉંડેરા-અંકોડીયા)નો કામચલાઉ પુનઃરચનાની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૬૬) : મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૩ (ઉંડેરા-અંકોડીયા) ની કામચલાઉ પુનઃરચના યોજનાની દરખાસ્ત પરત્વે રસ્તા તથા સત્તામંડળને ફાળવેલ પ્લોટોના પરામર્શ માટે વુડા વિસ્તારમાં સમાવિષ્ટ મોજે: અંકોડિયા પૂરતી દરખાસ્ત નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવવામાં આવેલ જેને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે સુચન સહ પરામર્શ આપવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગે ની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-ડી (રતનપુર) નો કામચલાઉ પુનઃરચનાની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૬૭) : મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-ડી (રતનપુર) ની કામચલાઉ પુનઃરચના યોજનાની દરખાસ્ત પરત્વે રસ્તા તથા સત્તામંડળને ફાળવેલ પ્લોટોના પરામર્શ માટે દરખાસ્ત નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવવામાં આવેલ. જેને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે સુચન સહ પરામર્શ આપવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગે ની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૪-બી (ભાયલી-ગોકુલપુરા-રાયપુરા)નો કામચલાઉ પુનઃરચનાની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૬૮) : મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૪-બી (ભાયલી-ગોકુલપુરા-રાયપુરા) ની કામચલાઉ પુનઃરચના યોજનાની દરખાસ્ત પરત્વે રસ્તા તથા સત્તામંડળને ફાળવેલ પ્લોટોના પરામર્શ માટે વુડા વિસ્તારમાં સમાવિષ્ટ મોજે: ગોકુલપુરા અને રાયપુરા પૂરતી દરખાસ્ત નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવવામાં આવેલ. જેને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે સુચન સહ પરામર્શ આપવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગે ની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૩ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૪-એ (અંકોડિયા-ખાનપુર-મહાપુરા-સેવાસી) નો કામચલાઉ પુનઃરચનાની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૬૯) : મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૪-એ (અંકોડિયા, ખાનપુર, મહાપુરા, સેવાસી) ની કામચલાઉ પુનઃરચના યોજનાની દરખાસ્ત પરત્વે રસ્તા તથા સત્તામંડળને ફાળવેલ પ્લોટોના પરામર્શ માટે વુડા વિસ્તારમાં સમાવિષ્ટ મોજે: અંકોડિયા, ખાનપુર અને મહાપુરા પૂરતી દરખાસ્ત નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવવામાં આવેલ. જેને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે સુચન સહ પરામર્શ આપવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગે ની આગળની કરવાની થતી |

| | | |
|---|---|---|
| | | સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૪ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૨ (કોયલી)નો કામચલાઉ પુનઃરચનાની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૭૦) : મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪૨ (કોયલી) ની કામચલાઉ પુનઃરચના યોજનાની દરખાસ્ત પરત્વે રસ્તા તથા સત્તામંડળને ફાળવેલ પ્લોટોના પરામર્શ માટે દરખાસ્ત નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવવામાં આવેલ. જેને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે સુચન સહ પરામર્શ આપવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગે ની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૫ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭/સી (ચાપડ) નો કામચલાઉ પુનઃરચનાની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૭૧) : મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૭/સી (ચાપડ) ની કામચલાઉ પુનઃરચના યોજનાની દરખાસ્ત પરત્વે રસ્તા તથા સત્તામંડળને ફાળવેલ પ્લોટોના પરામર્શ માટે દરખાસ્ત નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવવામાં આવેલ. જેને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે સુચન સહ પરામર્શ આપવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગે ની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૬ | વડોદરા શહેરી વિકાસ સતામંડળની મંજૂર મુસદારૂપ નગર રચના યોજના નં. ૧ (અંકોડિયા) ની એવોર્ડ પહેલાની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૭૨) : મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૧ (અંકોડિયા) ની પ્રારંભિક યોજનાના એવોર્ડ પહેલા ના પરામર્શ ની દરખાસ્ત પરત્વે રસ્તા તથા સત્તામંડળને ફાળવેલ પ્લોટોના પરામર્શ માટે દરખાસ્ત નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવવામાં આવેલ. જેને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે સુચન સહ પરામર્શ આપવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગે ની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૭ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫ (સમીયાલા-બીલ-ભાયલી) ની એવોર્ડ પહેલાની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૭૩) : મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫ (સમીયાલા-બીલ-ભાયલી) ની પ્રારંભિક યોજનાના એવોર્ડ પહેલા ના પરામર્શ ની દરખાસ્ત પરત્વે રસ્તા તથા સત્તામંડળને ફાળવેલ પ્લોટોના પરામર્શ માટે વુડા વિસ્તારમાં સમાવિષ્ટ મોજે: સમીયાલા પૂરતી દરખાસ્ત નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવવામાં આવેલ. જેને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે સુચન સહ પરામર્શ આપવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગે ની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૮ | પ્લોટ વેલીડેશન સર્ટીફિકેટની સમયમર્યાદા વધારવા બાબત | ઠરાવ ક્રમાંક (૨૯૭૪) : વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ઉક્ત મુદ્દા પરત્વે વિગતવાર ચર્ચા કરવામાં આવી, ઉક્ત ચર્ચાના અંતે; પ્લોટ વેલીડેશન પ્રમાણપત્ર ઇસ્યુ કર્યા તારીખથી અરજદારશ્રીએ ૧ વર્ષમાં વિકાસ પરવાનગી માટે નિયત ચકાસણી ફી ભરીને અરજી કરવાની રહેશે. જો એમ ન કરે તો તેવા સંજોગોમાં ઉક્ત ડિપોઝીટ સ્વરૂપે વુડાએ લીધેલ પ્લોટ વેલીડેશન સર્ટીફિકેટની અરજી કરતી વખતે ભરેલ રકમ જપ્ત કરવામાં આવશે તથા આવી રકમ ભવિષ્યમાં ભરવાપાત્ર થતી એમીનિટી ફી સાથે સરભર કરવામાં આવશે નહીં. સદરહુ ઠરાવનો અમલ ઠરાવની તારીખથી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. |
| ૨૯ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં બિન અધિકૃત બાંધકામ અંગેની દબાણ શાખા તૈયાર કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૭૫) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં બિન અધિકૃત બાંધકામ અંગેની દબાણ શાખા તૈયાર કરવા સારૂ મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ રજુ કરવામાં આવેલ. જેમાં ચર્ચાના અંતે, વુડા કચેરીમાં દબાણ શાખા તૈયાર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ તથા તે પરત્વેના અધિકારો સુપ્રત કરવાનું નક્કી કરી તે પરત્વે કરવાની થતી આગળની સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૩૦ | વુડા વિસ્તારમાં ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઈ ધરાવતી | ઠરાવ ક્રમાંક (૨૯૭૬) : અમલી સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ ના વિનિમય ૪.૭ મુજબ ૪૫.૦૦ મી. થી વધુ ઉંચાઈ ધરાવતી બિલ્ડીંગની સુરક્ષા ધ્યાને રાખતા |

| | | |
|---|---|---|
| | બિલ્ડીંગની સુરક્ષા જરૂરીયાત અન્વયે સી.જી.ડી.સી.આર. ના વિનિમય ૪.૭ ની જોગવાઈ મુજબ કરેલ કમિટીની રચનામાંથી જૂના સ્ટ્રક્ચરલ એક્ષ્પર્ટને ફરજમુક્ત કરી નવા સ્ટ્રક્ચરલ એક્ષ્પર્ટની નિમણુંક આપવા બાબત. | બનાવવાની થતી કમીટી અન્વયેના સ્ટ્રક્ચર સેફ્ટી કમિટીના બોર્ડ બેઠક નં. ૨૫૬, તા.૧૩/૦૬/૨૦૨૩ ના રોજ વિનુભાઈ આર. પટેલને સ્ટ્રક્ચરલ એક્ષ્પર્ટ તરીકે નિમણુંક આપવામાં આવેલ હતી. જે અત્રેની કચેરીના પત્ર નં. યુડીએ/પ્લાન-૫/જ/૧૦૮/૨૦૨૪, તા.૨૨/૦૭/૨૦૨૪ ના પત્રથી તા.૧૨/૦૬/૨૦૨૪ ના રોજ વિનુભાઈ આર. પટેલને સ્ટ્રક્ચરલ સેફ્ટી કમિટી માંથી ફરજમુક્ત કરવામાં આવેલ હતા. જે બાબતે આખરી નિર્ણય અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રી સમક્ષ રજુ કરવામાં આવેલ. જેમાં ચર્ચાના અંતે વિનુભાઈ આર. પટેલને વુડાની સ્ટ્રક્ચરલ સેફ્ટી કમિટી માંથી ફરજમુક્ત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. તથા તે પરત્વે નવીન સ્ટ્રક્ચરલ એક્ષ્પર્ટ તરીકેની નિમણુંક આપવા બાબતે અત્રેથી બે બહોળી પ્રસિધ્ધિ ધરાવતા સ્થાનિક વર્તમાન પત્રમાં જાહેરાત આપી તે પરત્વે આવેદન મળ્યેથી સ્ટ્રક્ચરલ એક્ષ્પર્ટ તરીકેની નિમણુંક કરવા અંગેની સઘળી કાર્યવાહી કરવા સારૂ મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સંપૂર્ણ સત્તાઓ સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. |
| ૩૧ | અધ્યક્ષ સ્થાનેથી........<br>પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ EWS-I અને EWS-II ટાઈપના જુદી જુદી આવાસ યોજનાના વિવિધ વિસ્તારોમાં ખાલી પડેલ આવાસ તેમજ આવાસ હપ્તા ન ભારાયેલ હોય તેવા લાભાર્થીઓને ફાળવણી રદ કરવા/બેંક લોન કરવી આવાસ ની સોપણી પૂર્ણ કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૭૭) : પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ EWS-I તથા EWS-II ટાઇપના જુદી જુદી આવાસ યોજનાના વિવિધ વિસ્તારોમાં આવાસોનું બાંધકામ કરવામાં આવેલ છે. આ યોજનાઓમાં EWS-I અને EWS-II ના આવાસોની સેવાસી, TP-1, FP-119, ભાયલી, TP-2, FP-100, ભાયલી, TP-2, mFP-101, સેવાસી, TP-01, FP-75, ભાયલી, TP-3, FP-112, ભાયલી, TP-3, FP-114, ભાયલી, TP-4, FP-180, બીલ, TP-1, FP-38, ખાનપુર-અંકોડિયા, TP-2, FP-13, ખાનપુર-અંકોડિયા, TP-2, FP-23 માં ખાલી પડેલ કુલ ૧૦૨ આવાસોની જાહેરાત આપવાનું સર્વાનુમતે ઠરાવવા માં આવેલ છે. તથા ફાળવેલ આવાસો માંથી કુલ ૨૪૩ લાભાર્થીઓ દ્વારા આવાસના હપ્તા ભરવામાં નિરસતા બતાવેલ છે જે તમામ લાભાર્થીઓને રૂબરૂ બોલાવી બાહેંધરી લઇ પૈસા ભરવા માટે સમજાવવા તથા તેઓની નાણકીય મુશ્કેલીને કારણે બેંક સાથે ટાઈ-અપ કરી વુડા દ્વારા ગેરેન્ટર રહી લોન મેળવવા લાભાર્થી ને આવાસ નું પઝેશન મેળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તેમજ લાભાર્થી ની લોન માં ગેરેન્ટર રહ્યા બાદ લાભાર્થી દ્વારા લોન ના હપ્તા સમયસર ન ભરવાના કિસ્સામાં તેઓને નોટીસ આપી આવાસ ફાળવણી રદ કરી અન્ય ને ફાળવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા તે અંગે અગળ ની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્યકારોબારી અધિકારી શ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |

મુદ્દા નં. (૦૨) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૭/૦૨/૨૪ ની ૨૫૯ મી બોર્ડ તથા તા.૧૨/૦૩/૨૪ ની ૨૬૦ મી ખાસ બોર્ડ બેઠકમાં લેવાયેલા નિર્ણયોનાં અમલીકરણ બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૭/૦૨/૨૪ ની ૨૫૯ મી બોર્ડ બેઠકમાં મુદ્દા નં. ૦૧ થી ૨૨ નાં ઠરાવ નં. ૨૯૧૩ થી ૨૯૩૪ તથા તા.૧૨/૦૩/૨૪ ની ૨૬૦ મી ખાસ બોર્ડ બેઠકમાં મુદ્દા નં. ૦૧ થી ૧૧ અને અધ્યક્ષ સ્થાનેથી ૦૧ મળી કુલ ૧૨ મુદ્દાના ઠરાવ નં. ૨૯૩૫ થી ૨૯૪૬ સુધીના લેવાયેલા નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ છે જે અમલીકરણને બહાલી માટે બોર્ડ સમક્ષ મુદ્દો રજુ કરતા નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

ઠરાવ ક્રમાંક (૨૯૭૯): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૭/૦૨/૨૪ ની ૨૫૯ મી બોર્ડ બેઠકમાં મુદ્દા નં. ૦૧ થી ૨૨ નાં ઠરાવ નં. ૨૯૧૩ થી ૨૯૩૪ તથા તા.૧૨/૦૩/૨૪ ની ૨૬૦ મી ખાસ બોર્ડ બેઠકમાં મુદ્દા નં. ૦૧ થી ૧૧ અને અધ્યક્ષ સ્થાનેથી ૦૧ મળી કુલ ૧૨ મુદ્દાના ઠરાવ નં. ૨૯૩૫ થી ૨૯૪૬ સુધીના લેવાયેલા નિર્ણયોનાં અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

## બોર્ડ બેઠક નં.૨૫૯ નાં ઠરાવોનું અમલીકરણ

| અ નં. | વિષય | ઠરાવ નં. | અમલીકરણ |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૧૧/૨૦૨૩ ની ૨૫૮ મી બોર્ડ બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૯૧૩)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૨૨/૧૧/૨૦૨૩ ની ૨૫૮ મી** બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૨૧ અને અધ્યક્ષ સ્થાનેથી-૧ મળી કુલ-૨૨ મુદ્દાના ઠરાવ ક્રમાંક ૨૮૯૧ થી ૨૯૧૨ ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. | **બોર્ડ બેઠક નં.૨૫૯ તા.૨૭/૦૨/૨૪ માં બેઠકની કાર્યવાહી નોંધ નં.યુડીએ/ એડીએમ/૨૯૮/૨૪ તા.૧૨/૦૩/૨૪ થી તમામ સભ્યશ્રીઓને મોકલી આપેલ છે.** |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૦૯/૨૦૨૩ ની ૨૫૭ મી બોર્ડ બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૧૪) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૨૨/૦૯/૨૦૨૩ ની ૨૫૭** મી બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૧૪ અને અધ્યક્ષ સ્થાનેથી-૧ મળી કુલ-૧૫ મુદ્દાના ઠરાવ ક્રમાંક ૨૮૭૬ થી ૨૮૯૦ સુધીના લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. | બોર્ડ બેઠક નં.૨૫૯ તા.૨૭/૦૨/૨૪ માં અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી મળતા બેઠકની કાર્યવાહી નોંધ નં.યુડીએ/ એડીએમ/૨૯૮/૨૪ તા.૧૨/૦૩/૨૪ થી તમામ સભ્યશ્રીઓને મોકલી આપેલ છે. |
| ૩ | મોજે હરણી વળતર કેસ નં.૨૧/૯૫ એવોર્ડ તા.૩૧/૧૨/૧૯૯૭ થી સંપાદન જમીનનાં ડીસ્ટ્રીક કોર્ટનાં LAR NO.125 /2009 અને LAR NO.129/2009 માં કોર્ટના હુકમ મુજબ રૂ.૨,૭૨,૮૭,૫૦૭/- કોર્ટમાં જમા કરાવવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૧૫) : મોજે હરણી વળતર કેસ નં. ૨૧/૯૫ એવોર્ડ તા.૩૧/૧૨/૧૯૯૭ થી સંપાદન થયેલ જમીનો અંગે એલ. એ. આર. નં. ૧૨૩/૨૦૦૯ થી ૧૨૯/૨૦૦૯માં વડોદરા સીનીયર સિવિલ જજ સાહેબના તા.૨૮/૦૨/૨૦૨૩ ચુકાદા મુજબ વળતરની રકમ કોર્ટમાં જમા કરાવવા ના.હાઇકોર્ટના સ્ટે એપ્લીકેશન નંબર. ૩૬૦૯/૨૦૨૩ અને ૩૬૧૭/૨૦૨૩ ઓરલ ઓર્ડર મુજબ ડિસ્ટ્રિક્ટ કોર્ટ લેન્ડ રેફરન્સ નં.૧૨૫/૨૦૦૯ અને ૧૨૯/૨૦૦૯ના ચુકાદા મુજબની વળતરની રકમ રૂ.૨,૭૨,૮૭,૫૦૭/- ચેક નં.૦૧૨૯૪૯ તા.૧૬/૨/૨૦૨૪ નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં તા.૧૯/૦૨/૨૦૨૪ના રોજ જમા કરવામાં આવેલ છે. જે કાર્યવાહીને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું. | બોર્ડ બેઠક નં.૨૫૯ ઠરાવ ક્રમાંક ૨૯૧૫ થી કાર્યવાહીને બહાલી મળતા મોજે હરણી લેન્ડ રેફરન્સ કેસ નં. ૧૨૫/૦૯ અને ૧૨૯/૦૯ માં રકમ રૂ.૨,૭૨,૮૭,૫૦૭/- તા.૧૬/૦૨/૨૦૨૪ નો ચેક નં.૦૧૨૯૪૯ નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટ માં તા.૧૯/૦૨/૨૦૨૪ ના રોજ જમા કરવામાં આવેલ છે. |
| ૪ | સત્તામંડળનું સને ૨૦૨૩-૨૪ ના નાણાકીય વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૪-૨૫ નું અંદાજપત્રને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૧૬): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૨૩-૨૪ ના નાણાકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૪-૨૫ ના અંદાજપત્ર બોર્ડ બેઠકમાં રજુ કરવામાં આવેલ. આ વડોદરા શહેરી વિકાસ સતામડળના નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪ ના સુધારેલ અંદાજપત્ર અને નાણાકીય વર્ષ-૨૦૨૪-૨૫ ના અંદાજપત્ર ને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ. | ઠરાવ મુજબની કાર્યવાહી કરેલ છે. |

| | | | |
|---|---|---|---|
| ૫ | ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવા બાબત. | <u>**ઠરાવ ક્રમાંક (૨૯૧૭) :**</u> સત્તામંડળ ના નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નાણાંવિભાગ ના તા.૧૬/૦૯/૨૦૧૯ તથા તા. ૦૮/૦૬/૨૦૨૦ ના ઠરાવો ની જોગવાઈઓ ને પરિપુર્ણ કરતી CA FIRMS ને INTERNAL AUDIT, ANNUAL ACCOUNTS, IT/GST & ALL DIRECT / INDIRECT TAXES RELETED RETURNS, CORRESPONDENCE & LIAISONING વગેરે તમામ કામગીરી સોપવા તથા ICAI ની ગાઈડ લાઈન મુજબ મીનીમમ ફીસ રૂ. ૪,૮૦,૦૦૦/- રકમ નુ ટેન્ડર પ્રક્રિયા કરી સી.એ. ફર્મ ની નિમણુંક કરવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું, અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારી વુડાને સુપ્રત કરવામાં આવી. | ઠરાવમાં ઠરાવ્યા અનુસાર અત્રેથી કામગીરી કરવામાં આવશે. |
| ૬ | પ્રિ ઓડીટ કરવા અર્થે ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મની નિમણુંક કરવા બાબત. | <u>**ઠરાવ ક્રમાંક (૨૯૧૮):**</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં થતા તમામ મૂડી તથા મહેસુલી ખર્ચાઓ ચુકવણી પહેલા પ્રિ ઓડીટ કરવા માટે અન્ય સત્તામંડળ જેમ કે સુડા, ગુડા, **SOU** ઓથોરીટીમાં **CA** ફર્મ દ્વારા પ્રિ-ઓડીટ ની કામગીરી અમલમાં છે,તે મુજબ નાણાંવિભાગ ના તા.૧૬/૦૯/૨૦૧૯ તથા તા. ૦૮/૦૬/૨૦૨૦ ના ઠરાવો ની જોગવાઈઓ ને પરિપુર્ણ કરતી **CA FIRMS** ની નિમણુંક કરવા તથા **ICAI** ની ગાઈડ લાઈન મુજબ મીનીમમ ફીસ રૂ. ૨,૫૦,૦૦૦/- નું ટેન્ડર પ્રક્રિયા કરી સી.એ. ફર્મ ની નિમણુંક કરવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું, અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારી વુડાને સુપ્રત કરવામાં આવી. | ઠરાવમાં ઠરાવ્યા અનુસાર અત્રેથી કામગીરી કરવામાં આવશે. |
| ૭ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના ઈન્ફ્રાસ્ટ્રકચર તથા અન્ય કામગીરીને બહાલી આપવા બાબત. | <u>**ઠરાવ ક્રમાંક (૨૯૧૯) :**</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના ઈન્ફ્રાસ્ટ્રકચર તથા અન્ય કામગીરીમાં કરવાની થતી ડેવલોપમેન્ટની કામગીરી માટે પી.એમ.સી. તથા ટી.પી.આઈની નિમણુંક થયેલ હોય, જેમાં ઉકત જણાવેલ અનુક્રમ નં. ૧ થી ૪ માં જણાવેલ કામગીરી કરવા માટે બહાલી આપવામાં આવી તથા બાકી જણાવેલ ટી.પી.સ્કીમોમાં રોડની કામગીરી કરવા ખર્ચની બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે મુદ્દામાં જણાવેલ અનુક્રમ નં. ૧ થી ૪ ની કામગીરી માટે પી.એમ.સી. તથા ટી.પી.આઈ દ્વારા સર્વેની કામગીરી તથા બાકી જણાવેલ ટી.પી.સ્કીમોમાં રોડની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| ૮ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઈન્ફ્રાસટ્રકચર તથા અન્ય કામગીરીના ખાતમુહર્ત તથા લોકાર્પણની કામગીરીમાં ફરાસખાના | <u>**ઠરાવ ક્રમાંક (૨૯૨૦) :**</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઈન્ફ્રાસટ્રકચર તથા અન્ય કામગીરીના ખાતમુહર્ત તથા લોકાર્પણની કામગીરીમાં ફરાસખાના તથા અન્ય આનુસંગિત કામગીરી માટે થનાર ખર્ચને બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની | થયેલ ઠરાવ પરત્વે આગામી સમયમાં અત્રે દ્વારા યોજાનાર પ્રોગ્રામ માટે મળેલ મંજુરી મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

| | | | |
|---|---|---|---|
| | તથા અન્ય આનુસંગિત કામગીરી માટે થનાર ખર્ચને બહાલી આપવા બાબત. | સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | |
| ૯ | વુડા ભવન ના બીજા માળ ઉપર આવેલ ઓપન ટેરેસ ની જગ્યાનો ઓફીસો બનાવવા અર્થે ઉપયોગ કરી બીજા માળનું વિસ્તરણ કરવા માટે થનાર ખર્ચની મંજુરી આપવા બાબત | <u>ઠરાવ ક્રમાંક (૨૯૨૧) :</u> વુડા ભવનના બીજા માળ ઉપર આવેલ ઓપન ટેરેસની જગ્યાનો ઓફીસો બનાવવા અર્થે ઉપયોગ કરી બીજા માળનું વિસ્તરણ કરવાની કામગીરી માટે અત્રેની કચેરી દ્વારા કરવામાં આવેલ કામગીરીને બહાલી આપવામાં આવી તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂ. ૧,૪૦,૦૦,૦૦૦/- + GST ના ખર્ચને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે વુડા ભવનના બીજા માળ ઉપર આવેલ ઓપન ટેરેસની જગ્યાનો ઓફિસો બનાવવા અર્થે ઉપયોગ કરવાની કામગીરીનો વર્ક ઓર્ડર આપી કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| ૧૦ | મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/એ (ખાનપુર-અંકોડીયા-મહાપુરામાં ટી.પી. વિસ્તાર) અને મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/બી માં (ગોકુલપુરા-રાયપુરામાં ટી.પી. વિસ્તાર), મોજે ચાપડ ટી.પી.સ્કીમ નં. ૨૭/સી, મોજે સમિયાલા-બીલ ટી.પી. સ્કીમ નં. ૨૧ માં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક તથા ખલીપુર ખાતે વુડા અને વી.એમ.સી. ની સંયુક્ત ભાગીદારીથી સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૨૨)</u> : મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/એ (ખાનપુર-અંકોડીયા-મહાપુરામાં ટી.પી. વિસ્તાર) અને મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/બી માં (ગોકુલપુરા-રાયપુરામાં ટી.પી. વિસ્તાર), મોજે ચાપડ ટી.પી.સ્કીમ નં. ૨૭/સી, મોજે સમિયાલા-બીલ ટી.પી. સ્કીમ નં. ૨૧ માં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક તથા ખલીપુર ખાતે વુડા અને વી.એમ.સી. ની સંયુક્ત ભાગીદારીથી સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી માટે ટેન્ડર બહાર પાડવા તથા સદર કામગીરી કરવા માટે બહાલી આપવામાં આવી તેમજ તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવામાં આવી તથા તે અંતર્ગત વુડા અને વડોદરા મહાનગરપાલિકાની સંયુકત ભાગીદારીથી થનાર STP , પંપીગ સ્ટેશન,પ્રેસર લાઈન , o&m, pmc & TPI ફી તથા અન્ય Miscellaneous item ની કામગીરી માટે વડોદરા મહાનગરપાલિકા પાસેથી કામગીરીની પ્રગતિ અનુસાર ૫૦ % વરાડે પડતો ખર્ચ વુડામાં જમા લેવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે સદર કામગીરીને મંજુરી આપતા ટેન્ડર પ્રક્રિયા કરી ઈજારદારશ્રીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. |
| ૧૧ | વુડા વિસ્તારના મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨, સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ (રેલ્વેનો ઉપરનો ભાગ), ટી.પી.સ્કીમ નં. ૨૪/એ તથા ૨૪/બી, કોયલી ટી.પી.સ્કીમ નં. ૪૨ તથા અંકોડીયા ટી.પી.સ્કીમ નં. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૨૩)</u> : વુડા વિસ્તારના મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨, સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ (રેલ્વેનો ઉપરનો ભાગ), ટી.પી.સ્કીમ નં. ૨૪/એ તથા ૨૪/બી, કોયલી ટી.પી.સ્કીમ નં. ૪૨ તથા અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૧ વગેરે ટી.પી.સ્કીમોમાં વી.એમ.સી. સાથે રહીને સંયુકત ભાગીદારીથી બનાવવામાં આવનાર ૧૦૦ MLD STP માટે થનાર ખર્ચ, PMC અને TPI માટે થનાર ખર્ચ અને O & M માટેનો ૧૦ વર્ષ લેખે થનાર ખર્ચ મળી કુલ ખર્ચના ૫૦% લેખે રૂ. ૭૬,૦૯,૨૩,૯૬૬/- તેમજ | થયેલ ઠરાવ પરત્વે થનાર ખર્ચના ૫૦% રકમની વી.એમ.સી. પાસેની વિગત મળ્યેથી વી.એમ.સી. પાસેથી કામગીરી પ્રગતિ અનુસાર વરાડે પડતો ખર્ચ વી.એમ.સી. માં જમા કરાવવામાં આવનાર છે. |

| | | | |
|---|---|---|---|
| | ૧ વગેરે ટી.પી.સ્કીમોમાં વી.એમ.સી. સાથે રહીને સંયુકત ભાગીદારીથી બનાવવામાં આવનાર STP, MPS તથા પ્રેસર લાઈનની કામગીરી માટેની ૫૦% રકમ વી.એમ.સી. માં જમા કરાવવા બાબત. | MPS અને પ્રેસર લાઈન તથા Miscellaneous Items માટે થનાર કુલ ખર્ચના ૫૦% રકમ વી.એમ.સી. માંથી વિગતવાર મળ્યેથી VMC પાસેથી કામગીરી ની પ્રગતિ અનુસાર વરાડે પડતો ખર્ચ VMC માં જમા કરાવવાની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | |
| ૧૨ | વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેઠા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૨૪) :</u> વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેઠા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની કામગીરીમાં વધારાનો ખર્ચ, બીજા ચાર થી પાંચ મહિના સુધી નક્કી થયેલ O & M ની કામગીરીનો ખર્ચ તથા ૧૧ ગામોનો પીવાના પાણીનો પ્રોજેક્ટ પૂર્ણ ન થાય ત્યાં સુધી GWSSB દ્વારા નાખેલ પાઈપલાઈનની મરામત અને નિભાવણીની કામગીરી કરવા બીજા ૧ વર્ષ માટે અંદાજીત રૂ. ૫૦ લાખનો ખર્ચ કરવાની કામગીરીને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે O & M ની કામગીરી કરવામાં આવેલ છે. |
| ૧૩ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ પાણી પુરવઠા અને ડ્રેનેજ યોજનાઓમાં વપરાશકારો ને પાણી અને ડ્રેનેજના જોડાણ આપવા માટે તથા યોજનાની મરામત અને નિભાવણી માટે વપરાશકારો પાસેથી ચાર્જીસની વસુલાત કરવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૨૫) :</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ પાણી પુરવઠા અને ડ્રેનેજ યોજનાઓમાં વપરાશકારોને પાણી અને ડ્રેનેજના જોડાણ આપવા માટે તથા યોજનાની મરામત અને નિભાવણી માટે વપરાશકારો પાસેથી ચાર્જીસની વસુલાત કરવા તથા તે માટે અત્રેની કચેરી ખાતે આઉટસોર્સિંગથી જરૂરીયાત મુજબના વહીવટી સ્ટાફની નિમણુંક કરવાની કામગીરીને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે પાણી પુરવઠા અને ડ્રેનેજ યોજનાઓમાં વપરાશકારોને પાણી અને ડ્રેનેજના જોડાણ આપવા માટે તથા યોજનાની મરામત અને નિભાવણી માટે વપરાશકારો પાસેથી ચાર્જીસની વસુલાત કરવા વડોદરા મહાનગરપાલિકાના ધારાધોરણ મુજબ ચાર્જીસ નક્કી કરવા માટે વડોદરા મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ સાથે પરામર્શ કરી ચાર્જીસ નક્કી કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. સદર ચાર્જીસ નક્કી થયા બાદ આઉટસોર્સિંગથી જરૂરીયાત મુજબના વહીવટી સ્ટાફની નિમણુંક કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | ગોત્રી ખાતે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ખાતે આવાસોના રી-ડેવલોપમેન્ટની કામગીરી પીપીપી ધોરણે કરવા માટે બહાલી આપવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૨૬):</u> ગોત્રી ખાતે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ખાતે આવેલ કુલ ૧૫૨૨ આવાસોને ગુજરાત હાઉસીંગ બોર્ડની રી-ડેવલોપમેન્ટ પોલીસીના નિતિનિયમો પ્રમાણે પીપીપી ધોરણે કામગીરી રી-ડેવલોપમેન્ટ કરવાની કામગીરીને બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે ઓનલાઈન ટેન્ડરીંગની પ્રક્રિયા કરવામાં આવેલ છે. |
| ૧૫ | વુડા વિસ્તારના ૭૫.૦૦ મીટર પહોળાઈના રીંગરોડની બાકી લંબાઈમાં પશ્ચિમ વિસ્તારમાં મંજુર થયેલ વિવિધ ટી.પી. માંથી કામગીરી કરવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૨૭)</u> : વુડા વિસ્તારના ૭૫.૦૦ મીટર પહોળાઈના રીંગરોડની બાકી લંબાઈમાં પશ્ચિમ વિસ્તારમાં મંજુર થયેલ વિવિધ ટી.પી. માંથી કામગીરી કરવા મંજુરી આપવામાં આવી તથા તે ઉપરાંત પુર્વ વિસ્તારનો ૭૫.૦૦ મીટર રીંગરોડ વડોદરા આજવા સ્ટેટ હાઈ-વે થી વડોદરા ડભોઈ સ્ટેટ હાઈ-વેને જોડતો ૧૦.૭૪૦ કી.મી. લંબાઈનો રીંગરોડ કુલ ૦૩ સ્ટેટ હાઈ-વેને જોડાતો હોય, સદર વિગતે પહેલા તબક્કામાં પુર્વ અને પશ્ચિમ બન્ને થઈ હાલ ૨૭.૫૮૦ કી.મી. લંબાઈમાં ૭૫.૦૦ મીટર રીંગરોડ બનાવવાની કામગીરીને હાલ ટી.પીના પ્રગતિ હેઠળના કામમાં વધારાની કામગીરી તરીકે સમાવેશ કરવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે રીંગરોડની કામગીરી પ્રગતિ હેઠળ છે |
| ૧૬ | વુડા વિસ્તારના વડોદરા જબુંસર રાજય ધોરીમાર્ગ તથા વડોદરા સેવાસી-સીંધરોટ રાજય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મીટર પહોળાઈનો રીંગ રોડ બનાવવાની કામગીરી માટે વરાડે પડતો ખર્ચ વી.એમ.સી. પાસેથી જમા લેવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક ( ૨૯૨૮)</u> : વુડા વિસ્તારના વડોદરા જબુંસર રાજય ધોરીમાર્ગ તથા વડોદરા સેવાસી-સીંધરોટ રાજય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મીટર પહોળાઈનો રીંગ રોડ બનાવવાની કામગીરી માટે વરાડે પડતો અંદાજીત ખર્ચ રૂ. ૧૦૪.૪૯ કરોડ ના ૫૦% મુજબ રૂ. ૫૨.૨૪૫ કરોડ વી.એમ.સી. પાસેથી જમા લેવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે રીંગરોડની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| ૧૭ | વુડા ભવન બિલ્ડીંગમાં ૦૪ (ચાર) ડકટમાં પાણી અને ડ્રેનેજની લાઈનો બદલવા તથા તેને લગત અન્ય કામગીરી માટે થનાર ખર્ચની મંજુરી આપવા બાબત | <u>ઠરાવ ક્રમાંક (૨૯૨૯)</u> : વુડા ભવન બિલ્ડીંગમાં ૦૪ (ચાર) ડકટમાં પાણી અને ડ્રેનેજની લાઈનો બદલવા તથા તેને લગત અન્ય કામગીરી કરવા માટે અત્રેની કચેરી દ્વારા કરવામાં આવેલ કામગીરીને બહાલી આપવામાં આવી તથા તે થનાર અંદાજીત ખર્ચ રૂ. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) ના ખર્ચને મંજુરી આપવામાં આવી. તેમજ વુડા ભવન બિલ્ડીંગના કોમન એકાઉન્ટમાં જમા કરાવવા મંજુરી આપી અને વુડા ભવનના કોમન એકાઉન્ટમાં ફંડ ન હોવાથી હાલ પ્રથમ તબક્કે થનાર તમામ ખર્ચ વુડા કચેરી દ્વારા કરવા સર્વાનુમતે ઠરાવવામાં | થયેલ ઠરાવ પરત્વે કામગીરી કરવા વર્ક ઓર્ડર આપેલ છે તથા હાલ કામગીરી પુર્ણ થયેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | | આવ્યુ તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | |
| ૧૮ | મોજે: કુમેઠા,મોરલીપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા,મોરલીપુરા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૯૩૦) :** મોજે: કુમેઠા અને મોરલીપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા-મોરલીપુરા)નો મુસદ્દો ગેઝેટમાં તા. ૦૫/૦૧/૨૦૨૪ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/સી ના કુલ ૧૭ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૧૮ રજુઆતો પૈકી કુલ-૦૫ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૧૩ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા સુચિત નગર રચના યોજના તૈયાર કરતી વેળાએસ્થાનિક પરિબળો તથા હયાત પરિસ્થિતિ તથા રસ્તાની અધિક્રમ ધ્યાને લઈ; તૈયાર કરેલ રોડ નેટવર્કના અનુસંધાને મંજુર અમલી ડી.પી. રસ્તાની રસ્તા રેષામાં જે ફેરફાર કરવામાં આવેલ છે તથા સદર ફેરફારને કારણે આસપાસની જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારીશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. | **સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ તા.૨૮/૦૨/૨૪ થી સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ.** |
| ૧૯ | મોજે: કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ડી (કુમેઠા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૯૩૧) :** મોજે: કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ડી (કુમેઠા)નો મુસદ્દો ગેઝેટમાં તા. ૦૫/૦૧/૨૦૨૪ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ડી ના કુલ ૨૦ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૨૬ રજુઆતો પૈકી કુલ-૧૦ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૧૬ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા સુચિત નગર રચના યોજના તૈયાર કરતી વેળાએસ્થાનિક પરિબળો તથા હયાત પરિસ્થિતિ તથા રસ્તાની અધિક્રમ ધ્યાને લઈ; તૈયાર કરેલ રોડ નેટવર્કના અનુસંધાને મંજુર અમલી ડી.પી. રસ્તાની રસ્તા રેષામાં જે ફેરફાર કરવામાં આવેલ | **સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ તા.૨૮/૦૨/૨૪ થી સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ.** |

| | | | |
|---|---|---|---|
| | | છે તથા સદર ફેરફારને કારણે આસપાસની જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારીશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. | |
| ૨૦ | મોજે : કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ઈ (કુમેઠા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૩૨) :</u> મોજે: કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ઈ (કુમેઠા)નો મુસદ્દો ગેઝેટમાં તા. ૦૫/૦૧/૨૦૨૪ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ ના કુલ ૧૦ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૧૦ રજુઆતો પૈકી કુલ-૦૩ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૦૭ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા સુચિત નગર રચના યોજના તૈયાર કરતી વેળાએસ્થાનિક પરિબળો તથા હયાત પરિસ્થિતિ તથા રસ્તાની અધિક્રમ ધ્યાને લઈ; તૈયાર કરેલ રોડ નેટવર્કના અનુસંધાને મંજુર અમલી ડી.પી. રસ્તાની રસ્તા રેષામાં જે ફેરફાર કરવામાં આવેલ છે તથા સદર ફેરફારને કારણે આસપાસની જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારીશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. | **સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ તા.૨૮/૦૨/૨૪ થી સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ.** |
| ૨૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૦૩ (આઈ.ટી.નોડ) (દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા) ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી | <u>ઠરાવ ક્રમાંક (૨૯૩૩) :</u> વુડાની તા.૧૮/૦૪/૨૦૨૩ની બોર્ડ બેઠક નં.૨૫૫માં ઠરાવ ક્રમાંક ૨૮૨૮થી ઠરાવ્યા મુજબ તે પરત્વે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૦૩ (આઈ.ટી.નોડ) (દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા)ને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા સારૂ કુલ ૮ ભાગમાં વિભાજીત કરી ડી.આઈ.એલ.આરશ્રીનું નિમતાણું મેળવવા માટેની સઘળી કાર્યવાહી અંગેની સત્તા | હાલે સદરહુ વિસ્તારની સર્વે માપણીની કામગીરી અત્રેની પેનલ એજન્સીને સોંપવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | મુખ્ય કારોબારી અધિકારીશ્રીલ વુડાને સુપ્રત કરવામાં આવી. | |
| ૨૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (આલમગીર-વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી)ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૯૩૪) :** વુડાની તા.૧૮/૦૪/૨૦૨૩ની બોર્ડ બેઠક નં.૨૫૫માં ઠરાવ ક્રમાંક ૨૮૨૭થી ઠરાવ્યા મુજબ તે પરત્વે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (આલમગીર-વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી)ને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા સારૂ કુલ ૯ ભાગમાં વિભાજીત કરી ડી.આઈ.એલ.આરશ્રીનું નિમતાણું મેળવવા માટેની સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીલ વુડાને સુપ્રત કરવામાં આવી. | હાલે સદરહુ વિસ્તારની સર્વે માપણીની કામગીરી અત્રેની પેનલ એજન્સીને સોંપવામાં આવેલ છે. |

## ખાસ બોર્ડ બેઠક નં.૨૬૦ નાં ઠરાવોનું અમલીકરણ

| અ.નં | વિષય | ઠરાવ | |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી માટે સત્તા સોંપણી બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૩૫) :</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીની વહીવટી સરળતા હેતુથી તમામ રનીંગ બીલ/ફાઈનલ બીલ જેની કામગીરી ટેન્ડર પ્રક્રિયાથી સોંપવામાં આવેલ હોય તેનું ચુકવણું કરવાની સંપુર્ણ સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સોંપવાની તથા મુખ્ય કામગીરી સિવાય જેવીકે મંડપ, રીપેરીંગ, ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ, ખરીદી વિગેરે કામગીરીની મંજુરી માટે રૂ. ૨.૦૦ લાખની મર્યાદામાં કાર્યપાલક ઈજનેરશ્રી, રૂ. ૨.૦૦ લાખની વધારે એટલે કે રૂ. ૧૦.૦૦ લાખ સુધી મુખ્ય કારોબારી અધિકારીશ્રીને તથા રૂ. ૧૦.૦૦ લાખ થી ઉપરના તમામ કામગીરી મંજુરી ચુકવણા સાથે મા.અધ્યક્ષશ્રી, વુડા સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યુ. | થયેલ ઠરાવ પરત્વે ઠરાવમાં જણાવ્યાનુસાર હવે પછી કરવામાં આવનાર અલગ-અલગ પ્રકારની કામગીરી માટે ઠરાવમાં થયેલ હુકમ મુજબ સક્ષમ કક્ષાએથી મંજુરી મેળવી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રગતિ હેઠળના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં તથા આવાસ યોજનાના કામોમાં પરફોર્મન્સ બોન્ડ/સિક્યોરીટી ડીપોઝીટ ૩% કરવા બાબતના તથા ગુજરાત સરકારના વખતો વખતના પરિપત્રો/ઠરાવો/જોગવાઈ ઓનો અમલ કરવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૩૬):</u>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા પ્રગતિ હેઠળના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના તથા આવાસ યોજનાના કામોમાં પર્ફોર્મન્સ બોન્ડ/સિક્યુરિટી ડીપોઝીટ ૦૩ (ત્રણ) ટકા કરવા બાબતે ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક નં. પરચ/૧૦૨૦૨૦/૩૨૯/સી, તા.૦૩/૦૨/૨૦૨૪ ના ઠરાવનો અમલ કરવા માટે અત્રેની કચેરી દ્વારા કરવામાં આવેલ કામગીરીને બહાલી આપવામાં આવી તેમજ ગુજરાત સરકારના વખતોવખતના પરીપત્રો/ઠરાવો/જોગવાઈઓનો અમલ કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે થયેલ ઠરાવ પરત્વે કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| ૩ | મંજૂર અમલી દ્વિતીય પુનરાર્તિત વિકાસ યોજનામાં મોજે : સમા, રે.સ.નં. ૬૭૪ વાળી જમીનના ઝોનમાં ફેરફાર કરવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૩૭) :</u> બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લઇ, અગાઉ વુડા બોર્ડની ૨૨૮ મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક (૨૩૫૬) થી મોજે. સમાના રે.સ.નં. ૬૩૩, ૬૭૩, ૬૭૪, ૬૫૧ તથા ૬૭૭ વાળી જમીનોમાં કાયદાની કલમ-૧૯ હેઠળ પ્રતિબંધિત વિસ્તાર-૧ માંથી રહેણાક ઝોન (આર-૧) માં ઝોનફેર કરવાનું ઠરાવી દરખાસ્ત સરકારશ્રીમાં અત્રેની કચેરીએથી તા.૨૭/૦૯/૨૦૧૬ ના રોજ પાઠવેલ. જે પરત્વે સરકારશ્રી દ્વારા તા.૦૫/૦૮/૨૦૧૭ | બોર્ડમાં લેવાયેલ નિર્ણય પરત્વે કાર્યવાહી જારીમાં છે. |

| | | | |
|---|---|---|---|
| | | ના નોટીફિકેશનથી વિવિધ જમીનોમાં ઝોન ફેર કરેલ. પરંતુ સદરહું નોટીફિકેશનમાં રે.સ.નં.૬૭૪ નો ઉલ્લેખ થયેલ ન હોઇ, સરકારશ્રીની નોટીફિકેશનની વિગતો પણ ધ્યાને લેતાં; તેમજ રે.સ.નં.૬૭૪ વિશ્વામિત્રી નદીની નજીકમાં જ હોઇ, અરજદારશ્રીની ઝોન ફેરની રજુઆત અગ્રાહ્ય રાખીએ તેમ છતાં વુડા દ્વારા તૈયાર થઇ રહેલ તૃત્તિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં; નદીને લાગુ જમીનોને સર્વે કરાવી સિંચાઇ વિભાગના પરાર્મશમાં રહી ગુણદોષના આધારે નિર્ણય કરવાનો સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. | |
| ૪ | મંજૂર અમલી દ્વિતીય પુનરાર્તિત વિકાસ યોજનામાં મોજે : સમા, રે.સ.નં. ૬૭૫ વાળી જમીનના ઝોનમાં ફેરફાર કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૩૮) : બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લઇ, મોજે:સમા, રે.સ.નં.૬૭૫ વાળી જમીન નદીને લાગુ હોઇ તેમજ સદર જમીનનો સમાવેશ નિચાણવાળા વિસ્તારમાં સ્થિત થતો હોઇ, અરજદારશ્રીની ઝોન ફેરની રજુઆત અગ્રાહ્ય રાખીએ તેમજ તેમ છતાં વુડા દ્વારા તૈયાર થઇ રહેલ તૃત્તિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં; નદીને લાગુ જમીનોને સર્વે કરાવી સિંચાઇ વિભાગના પરાર્મશમાં રહી ગુણદોષના આધારે નિર્ણય કરવાનો સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. | બોર્ડમાં લેવાયેલ નિર્ણય પરત્વે કાર્યવાહી જારીમાં છે. |
| ૫ | મંજૂર અમલી દ્વિતીય પુનરાર્તિત વિકાસ યોજનામાં મોજે : તલસટ, રે.સ.નં. / બ્લોક નં. ૬, ૮૬, ૯૮, ૧૦૨/પૈકી ૧ વાળી જમીનના ઝોનમાં ફેરફાર કરવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૯૩૯) : બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે રે.સ.નં./બ્લોક નં.૮૬ ની લાગુમાં જ વિશ્વામિત્રી નદી આવેલ હોવાથી સદરહું વિસ્તારનો સમાવેશ નિચાણવાળા વિસ્તારમાં થતો હોઇ, રે.સ.નં./બ્લોક નં.૮૬ માં અરજદારશ્રીની ઝોન ફેરની રજુઆત અગ્રાહ્ય રાખીએ તેમજ તેમ છતાં વુડા દ્વારા તૈયાર થઇ રહેલ તૃત્તિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં; નદીને લાગુ જમીનોને સર્વે કરાવી સિંચાઇ વિભાગના પરાર્મશમાં રહી ગુણદોષના આધારે નિર્ણય કરવાનો રહે. તેમજ રે.સ.નં./બ્લોકનં.૬, ૯૮, ૧૦૨/૧ વાળી જમીન વિશ્વામિત્રી નદીથી દૂર હોઇ, પ્રતિબંધિત વિસ્તાર-૧ માંથી મુકત કરી રહેણાંક ઝોન-૧ માં ઝોનફેર કરવા બાબતે | સરકારશ્રીમાં તા.૧૨/૦૩/૨૪ થી દરખાસ્ત પાઠવવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | | ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. | |
| ૬ | મંજૂર અમલી દ્વિતીય પુનરાર્તિત વિકાસ યોજનામાં મોજે : ચિખોદ્રા, તા. જી. વડોદરાનાં રે.સ.નં. / બ્લોક નં. ૩૬૮ પૈકી ૧, ૩૬૮ પૈકી ૨, ૩૭૦, ૩૭૧ વાળી જમીનના ઝોનમાં ફેરફાર કરવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૪૦) :</u> બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લઇ, મોજે, ચિખોદ્રા, તા.જી.વડોદરાનાં રે.સ.નં./બ્લોક નં.૩૬૮ પૈકી ૧, ૩૬૮ પૈકી ૨, ૩૭૦, ૩૭૧ વાળી જમીનોનો સમાવેશ નિચાણવાળા વિસ્તારમાં થતો હોઇ, તેમજ સદર જમીનો જામ્બુવા નદીને લાગુ તેમજ ત્રણેય બાજુથી નદીથી ઘેરાયેલ હોઇ; અરજદારશ્રીની ઝોન ફેરની રજુઆત અગ્રાહ્ય રાખીએ તેમ છતાં વુડા દ્વારા તૈયાર થઇ રહેલ તૃત્તિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં; નદીને લાગુ જમીનોને સર્વે કરાવી સિંચાઇ વિભાગના પરાર્મશમાં રહી ગુણદોષના આધારે નિર્ણય કરવાનો સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. | સરકારશ્રીમાં તા.૧૨/03/૨૪ થી દરખાસ્ત પાઠવવામાં આવેલ છે. |
| ૭ | મંજૂર અમલી દ્વિતીય પુનરાર્તિત વિકાસ યોજનામાં મોજે : ચાપડ, રે.સ.નં. / બ્લોક નં. ૪૮૪ વાળી જમીનના ઝોનમાં ફેરફાર કરવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૪૧) :</u> બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લઇ, મોજે, ચાપડ, તા. જી. વડોદરાનાં રે.સ.નં./બ્લોક નં. ૪૮૪ વાળી જમીન નદીને લાગુ હોઇ તેમજ તેનો સમાવેશ નિચાણવાળા વિસ્તારમાં સ્થિત થતો હોઇ, અરજદારશ્રીની ઝોન ફેરની રજુઆત અગ્રાહ્ય રાખીએ તેમ છતાં વુડા દ્વારા તૈયાર થઇ રહેલ તૃત્તિય પુનરાવર્તિત વિકાસ યોજનામાં; નદીને લાગુ જમીનોને સર્વે કરાવી સિંચાઇ વિભાગના પરાર્મશમાં રહી ગુણદોષના આધારે નિર્ણય કરવાનો સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. | સરકારશ્રીમાં તા.૧૨/03/૨૪ થી દરખાસ્ત પાઠવવામાં આવેલ છે. |
| ૮ | મંજૂર અમલી દ્વિતીય પુનરાર્તિત વિકાસ યોજનામાં મોજે.કલાલી, બ્લોક નં.૯, ૪૧૧, ૪૧૨, ૪૨૮, ૪૨૯, ૪૩૭, ૪૪૦, | <u>ઠરાવ ક્રમાંક (૨૯૪૨) :</u> બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લઇ, મોજે. કલાલી, બ્લોક નં. ૯, ૪૧૧, ૪૧૨, ૪૨૮, ૪૨૯, ૪૩૭, ૪૪૦, ૪૪૧, ૪૪૨, ૪૪૩ વાળી | સરકારશ્રીમાં તા.૧૨/03/૨૪ થી દરખાસ્ત પાઠવવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| | ૪૪૧, ૪૪૨, ૪૪૩ વાળી જમીનના ઝોનમાં ફેરફાર કરવા બાબત. | જમીનોમાં ઉપલબ્ધ H.F.L. સર્ટીફિકેટની વિગતો ધ્યાને લઇ; તે પૈકીના રે.સ.નં./બ્લોકનં.૪૨૮, ૪૨૯, પ્રતિબંધિત વિસ્તાર-૧ માંથી મુકત કરી રહેણાંક ઝોન-૧ માં ઝોનફેર કરવા બાબતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. | |
| ૯ | મંજૂર અમલી દ્વિતીય પુનર્રાર્તિત વિકાસ યોજનામાં મોજે : પવલેપુર, તા. વાઘોડિયા, જી. વડોદરાનાં રે.સ.નં. / બ્લોક નં. ૧૨૯/૨ વાળી જમીનના ઝોનમાં ફેરફાર કરવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૪૩) :</u> બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લઇ, મોજે. પવલેપુર તા.વાઘોડિયા, જી.વડોદરાનાં રે.સ.નં./બ્લોક નં.૧૨૯/૨ વાળી જમીન ખેતીવિષયક ઝોનમાંથી મુકત કરી રહેણાંક ઝોન-૩ માં ઝોનફેર કરવા બાબતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. | સરકારશ્રીમાં તા.૧૨/૦૩/૨૪ થી દરખાસ્ત પાઠવવામાં આવેલ છે. |
| ૧૦ | મંજૂર અમલી દ્વિતીય પુનર્રાર્તિત વિકાસ યોજનામાં મોજે : હનુમાનપુરામાં દર્શાવેલ ૧૨.૦૦ મી. ડી.પી. રસ્તા તથા હયાત રસ્તામાં મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮/બી (અણખોલ-હનુમાનપુરા-શ્રીપોરટીંબી)ની દરખાસ્ત મુજબ જરૂરી સુધારો કલમ-૧૯ હેઠળ દરખાસ્ત પાઠવવા બાબત. | <u>**ઠરાવ ક્રમાંક (૨૯૪૪) :**</u> બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લઇ, મોજે હનુમાનપુરા બ્લોક ૧૦ થી બ્લોક ના ૪ ની ઉત્તરે દર્શાવેલ ૧૨.૦ મી પહોળાઇના સૂચિત રસ્તો આયોજનની દ્રષ્ટિએ જરૂરિયાત ન હોઇ, સદર રસ્તો પણ રદ કરવાનો થાય છે. તથા મોજે શ્રીપોરટીંબીના બ્લોક ન.૧૮૮ અને બ્લોકનં.૧૮, ૧૯ ની વચ્ચેથી પસાર થતા નાળીયા રસ્તો નહિ પરંતુ કેનાલ હોઇ તે મુજબની દરખાસ્ત હયાત સ્થળ સ્થિતિ તથા ડીએસઓ રેકર્ડ મુજબ ચકાસી મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૮/બી (અણખોલ-હનુમાનપુરા-શ્રીપોરટીંબી) માં આમેજ કરેલ જે મુજબ સુધારો પણ ડીપીમાં કરવા બાબતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા | બોર્ડમાં લેવાયેલ નિર્ણય પરત્વે કાર્યવાહી જારીમાં છે. |

| | | | |
|---|---|---|---|
| | | સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. | |
| ૧૧ | વુડાની મંજુર અમલી અંતિમ નગર રચના યોજના-૨ (પાદરા) તથા નં-૨ (પાદરા) (પ્રથમ ફેરફાર) ની દરખાસ્ત અન્વયે ફાળવેલ અંતિમખંડ નં. ૯/૩ વિકાસ પાત્ર ન હોઈ વિકાસપાત્ર અંતિમખંડ, ફાળવવા, નગર રચના યોજનામાં વેરીએશન કરવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૪૫) :</u> બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે અરજદારશ્રી ઉમેશભાઇ ડાહ્યાભાઇ પટેલ દ્વારા અત્રે કરેલ રજુઆતમાં ફાયનલ પ્લોટ નં.૯/૩(૧૩૫૯ ચો.મી.જમીન) વાળો ફાયનલ પ્લોટ વુડા માટે અનામત રાખેલ એફ.પી.નં.૬૬ (રમતગમતનું મેદાન) (૧૭૦૯ ચો.મી.) જમીન પૂરેપુરી ફાળવી આપવા તેમજ વળતર ચૂકવવાની રજૂઆત અન્વયે અંતિમખંડ નં.૯/૧ ની ખુલ્લી જમીનવાળો શ્રી દરજી દ્વારકાધીશ સોસાયટીનો ૧૩૫૯ ચો.મી. જમીન વાળો કોમન પ્લોટને અંતિમખંડ નં.૯/૩ દર્શાવી સરકારશ્રી દ્વારા તા.૧૩/૦૬/૨૦૧૯ ના જાહેરનામાંથી પાદરા ન.ર.યો.નં.૨ (પાદરા) પ્રથમ ફેરફારને મંજુર કરેલ હોઇ, જેને સરકારશ્રી કક્ષાએ જ મંજુરી મળેલ હોઇ સદર અરજદારશ્રીની રજુઆત બોર્ડના સર્વ સભ્યશ્રીઓ દ્વારા અગ્રાહ્ય રાખવામાં આવેલ. | બોર્ડના નિર્ણય મુજબ અગ્રાહ્ય રાખેલ છે. |
| ૧૨ | અધ્યક્ષ સ્થાનેથી..<br>વુડાનું DEMAT ACCOUNT ખોલાવવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૪૬):</u> વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ રૂ. ૧ કરોડ પ્રેફીશીયલ શેર કેપિટલ તરીકે "ગુજરાત ટાઉન પ્લાનીગ કન્સલટન્સી લીમીટેડ" કમ્પનીમાં RTGS થી જમા કરાવેલ હોય, ઉપરોક્ત શેરને પ્રવર્તમાન સેબી ની ગાઈડલાઈન્સ મુજબ DEMAT સ્વરૂપમાં લેવા માટે અન્ય સત્તામંડળો જેમકે ઔડા,સુડા દ્વારા HDFC BANK માં ડીમેટ એકાઉન્ટ ખોલાવેલ હોઈ, વહીવટી સરળતા માટે વુડાનું ડીમેટ એકાઉન્ટ HDFC BANK માં ખોલવવા અંગે સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું તથા વુડાના મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આ માટેના તમામ દસ્તાવેજો પર વુડા વતી સહી કરવા તથા આ બાબતની સગળી કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારી વુડાને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. | ઠરાવ મુજબની કાર્યવાહી કરેલ છે. |

**મુદા નંબર (3): મોજે અટલાદરા વળતર કેસ નં.૧૪/૯૧ એવોર્ડ તા.૨૮/૧૨/૯૪ રેવન્યુ સર્વે નં.૧૧ ક્ષેત્ર.હે.0-3૪-૪0 દરખાસ્ત કેસ નં.0૧/૨૦૨૦ ના કામે નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટે, વડોદરા દ્વારા આંક ૧૯ ની અરજી લગત તા.03/0૧/૨૦૨૫ ના હુકમ મુજબ તફાવતની રકમ રૂ.૨૭,૯૩,૪૯0/- નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં જમા કરવા બાબત.**

મોજે અટલાદરા વળતર કેસ નં.૧૪/૯૧ એવોર્ડ તા.૨૮/૧૨/૯૪ થી રે.સ.નં.૧૧ પૈકી ક્ષે. હે.0-3૪-૪0 વાળી જમીન ના મુળ માલિકો ધ્વારા વધુ વળતર લેવાના કામે નામદાર સિવિલ કોર્ટે વડોદરા માં લેન્ડ રેફ.નં.૬૨૫/૧૯૯૬ થી દાવો દાખલ કરેલ, સદર દાવાનો નિકાલ તા.૧૯/૧૦/૧૯ ના રોજ મુળ જમીન માલિકની તરફેણ માં હોઇ, કોર્ટના ચુકાદા મુજબ વધુ વળતર ની રકમ રૂ. ૪૧,૧૬,૪૪૨/- (અંકે રૂ.એકતાળીસ લાખ સોળ હજાર ચારસો બેતાળીસ પુરા) બેન્ક ઓફ બરોડા શાખા, કારેલીબાગ, વડોદરાનો ચેક નં.00૯3૬૪ તા.૧૬/03/૨૦૨૧ થી નામદાર પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં જમા કરવામાં આવેલ છે.

સદર કામના વાદી સ્વ.ચંદ્રિકાબેન ભગવતલાલ શાહ વિગેરે ધ્વારા નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં વુડા વિરુદ્ધ તા.૧૪/0૨/૨0૨0 થી દરખાસ્ત કેસ નં.0૧/૨0૨0 અરજ આંક-૧૯ દાખલ કરેલ, જે અરજી લગત નામ. કોર્ટે હુકમ ફરમાવી અરજદારની સદર અરજી મંજુર કરી, તા.03/0૧/૨0૨૫ ના રોજ હુકમ કરેલ છે.

ઉપરોકત હકીકતે લેન્ડ રેફરન્સ નં.૬૨૫/૧૯૯૬ અન્વયે દરખાસ્ત કેસ નં.0૧/૨0૨0 ની દાવા અરજી માં કરેલ તા.03/0૧/૨0૨૫ ના હુકમ મુજબ તફાવતની રકમ રૂ.૨૭,૯3,૪૯0/- (અંકે રૂ.સત્યાવીસ લાખ ત્રાણુ હજાર ચારસો નેવું પુરા) જમા કરવાના થાય છે. જે રકમ કોર્ટમાં જમા કરાવવા માટે બોર્ડના સભ્યોશ્રીઓ સમક્ષ ચર્ચા-વિચારણા થતાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૯૮0)**: મોજે અટલાદરા વળતર કેસ નં.૧૪/૯૧ એવોર્ડ તા.૨૮/૧૨/૯૪ ના રે.સ.નં.૧૧ પૈકી ક્ષે.હે.0-3૪-૪0 વાળી જમીન ના મુળ માલિકો ધ્વારા નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં વુડા વિરુદ્ધ દાખલ કરેલ લેન્ડ રેફ.નં.૬૨૫/૧૯૯૬ દરખાસ્ત કેસ નં.0૧/૨0૨0ની અરજી ના ચુકાદા તા.03/0૧/૨૫ બાબતે વુડા બોર્ડના સભ્યોશ્રીઓ સમક્ષ ચર્ચા-વિચારણા થયા મુજબ નામ.ડિસ્ટ્રિક્ટ કોર્ટના લેન્ડ રેફ.નં.૬૨૫/૧૯૯૬ દરખાસ્ત કેસ નં.0૧/૨0૨0 ના ચુકાદા સામે નામ.હાઇકોર્ટ માં અપીલ દાખલ કરવા તથા તે અંગેની આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર.(૦૪) :** નર્મદાની વડોદરા બ્રાન્ચ કેનાલ આધારિત વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) ના પુર્વ વિસ્તારમાં આવેલા ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાની કામગીરી અંતર્ગત નવીન તથા વધારાની કામગીરી બાબત.

વુડા દ્વારા પૂર્વ વિસ્તારમાં આવેલ ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવા રામેશરા થી SSNNL ની વડોદરા બ્રાન્ચ કેનાલમાંથી પાણી લાવી ટીંબી તળાવની નજીક WTP બનાવી ૧૧ ગામોને પાણી પૂરું પાડવાનું આયોજન કરેલ છે. જે પરત્વે જયંતી સુપર કન્ટ્રકશન પ્રા.લી., જેવી વિનોદ.એચ.પટેલ, મહેસાણાને આ કામનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. તે પરત્વે ઈજારદારશ્રી દ્વારા સદર કામગીરી પ્રગતિ હેઠળ છે.

સદર પ્રોજેક્ટને GWSSB ગાંધીનગરની ૧૮૯ ની તાંત્રિક ચકાસણી કમિટીમાં તાંત્રિક મંજૂરી મળેલ છે. સદર પ્રોજેક્ટને GWSSBની બોર્ડ બેઠક નંબર ૨૯૪ માં ૨૦૩૭૭.૪૯ લાખ ગ્રોસ માટે મંજૂરી આપવામાં આવેલ છે. સદર ટેન્ડરની કુલ રકમના ૪૦% ગ્રાન્ટ GWSSB દ્વારા તથા ૬૦% ગ્રાન્ટ વુડા દ્વારા જલજીવન મિશનની મેચિંગ ગ્રાન્ટ તરીકે ભોગવવાના થાય છે. સદર કામગીરી અંતર્ગત ટીંબી તળાવ પાસેના ૫૦ MLD WTP ખાતે ફિલ્ટર પ્લાન્ટમાં ટાઈલ્સ, પેવરબ્લોક તથા લેન્ડ સ્કેપીંગની નવીન કામગીરી કરવાની થાય છે તથા રામેશરાથી ટીંબી તળાવ સુધીની રાઈઝીંગ મેઈનમાં પુશીંગથી કેનાલ ક્રોસીંગ શક્ય ન હોવાને કારણે કેનાલ બ્રીજ બનાવી ક્રોસિંગ કરવાની નવીન કામગીરી કરવાની રહે છે. વધુમાં ટીંબી તળાવમાંથી પાણી લેવા માટેના ફ્લોટીંગ પ્લેટફોર્મ ઉપર પમ્પીંગ હેડમાં વધારો થતા ૨૦KW ની જગ્યાએ ૨૨KW ના (03) પમ્પ મુકવાના રહે છે. સદર પ્રોજેક્ટ અંતર્ગત એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ટૂલ્સ એન્ડ પ્લાન્ટસ (ETP) ચાર્જીસ પેટે ૫ % ની જોગવાઈ કરવામાં આવેલ છે. જે અંતર્ગત સદર કામગીરી હેઠળ પાણી પુરવઠા પ્રોજેકટના સ્ટાફને લગતા વિભાગના ફર્નિચર, સુધારા-વધારાની કામગીરી કરવાની થાય છે. તે ઉપરાંત હાલ વુડા દ્વારા વડોદરા શહેરના પૂર્વ તથા પશ્ચિમ વિસ્તારમાં પહેલા તબક્કાની કુલ ૨૭.૫૪ કિમી લંબાઇમાં ૭૫.૦૦ મીટર રીંગરોડની કામગીરી કરવામાં આવી રહેલ છે. જેમાં ચાપડ ગામમાંથી પસાર થતા રીંગરોડના એલાઈમેન્ટમાં પીવાના પાણીની ઓવરહેડ ટાંકી રીંગરોડની મધ્યમાં આવતી હોવાથી રીંગરોડની કામગીરીમાં અડચણરૂપ થાય છે. જેથી જૂની ટાંકીને દૂર કરીને જરૂરીયાત મુજબની નવીન ટાંકી બનાવવાની જરૂરીયાત જણાય આવે છે. જે અંગે ચાપડ ગ્રામપંચાયત અને ધારાસભ્યશ્રી દ્વારા અવારનવાર મૈખિક તથા લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ છે. સદર ટેન્ડરની બચતમાંથી ઉપરોક્ત કામગીરી કરતા રીંગરોડની કામગીરી વહેલી તકેપૂર્ણ કરી શકાય તેમ છે. ઉપરોક્ત વિગત મુજબ ETP ચાર્જીસ પેટે (૫%) રૂ. ૯.૭૦ કરોડ માંથી ઉપરોકત મુજબની નવીન તથા સુધારા-વધારાની કામગીરી કરવા કુલ રૂ. ૨.૨૦ કરોડનો ખર્ચ થાય તેમ છે. ઉપરોક્ત સંપૂર્ણ વિગત ધ્યાને લઈ પૂર્વ વિસ્તારના પાણીના ઓનલાઈન ટેન્ડરની આઈટમ તથા જથ્થામાં થતી બચતમાંથી સદર કામગીરી થઈ શકે તેમ છે. સદર પાણીનો પ્રોજેકટ પુર્ણ થયે GWSSB તરફથી આપવામાં આવેલી ગ્રાન્ટ તથા તેના પરના વ્યાજની પૈકી જે બચત હોય તે GWSSB ને પરત કરવાની રહે છે. ઉપરોકત કામગીરી માટે પી.એમ.સી. ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગર દ્વારા ખર્ચ કરી શકાય છે. તે અંગેનો અત્રેને અભિપ્રાય આપવામાં આવેલ છે.

(પાછળ)

આમ ઉપરોક્ત વિગતે સુધારા-વધારા તથા નવીન કામગીરી કરવા માટે તથા તે અંગે થનાર ખર્ચને વુડા બોર્ડ બેઠકની મંજૂરીની અપેક્ષાએ યોગ્ય તે નિર્ણય અર્થે સાદર રજુ. વધુમાં ઉપરોક્ત વિગત ગ્રાહ્ય રહ્યે સદર ખર્ચ વુડાના પુર્વ વિસ્તારમાં આવેલા ૧૧ ગામોને પીવાના પાણીના સદર હેઠળ પાડવા મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા યોગ્ય તે નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સમંતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૮૧) :** નર્મદાની વડોદરા બ્રાન્ચ કેનાલ આધારિત વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) ના પુર્વ વિસ્તારમાં આવેલા ૧૧ ગામોને પીવાના પાણીની સુવિધા પુરી પાડવાની કામગીરી અંતર્ગત સુધારા-વધારા તથા નવીન કામગીરી કરવાની અને તે અંગે થનાર ખર્ચને મંજૂરી આપવામાં આવી તથા તે અંગેનો સદર વુડાના પુર્વ વિસ્તારમાં આવેલા ૧૧ ગામોને પીવાના પાણીના સદર હેઠળ પાડવા મંજુરી આપવામાં આવી તેમજ તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૦૫) : વુડા વિસ્તારના મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ અને સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ ને જોડતી ડ્રેનેજ નેટવર્ક અને ટી.પી.સ્કીમ નં. ૨૪/એ તથા ૨૪/બી માંથી પસાર થતા ૭૫.૦૦ મીટર રોડ પર મેઈન ટ્રંક લાઈન નાખવાની કામગીરી બાબત.**

વુડા વિસ્તારના મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ અને સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ ને જોડતી ડ્રેનેજ નેટવર્ક અને ટી.પી.સ્કીમ નં. ૨૪/એ તથા ૨૪/બી માંથી પસાર થતા ૭૫.૦૦ મીટર રોડ પર મેઈન ટ્રંક લાઈન નાખવાની કામગીરી કરવા વુડા બોર્ડ બેઠક નં. ૨૪૪ ના ઠરાવ ક્રમાંક નં. ૨૬૯૭ તા. ૦૯/૦૭/૨૦૨૦ ના રોજ નક્કી થતા ટેન્ડર પ્રક્રિયા કરી ક્રિષ્ણા કન્સ્ટ્રકશન કું., અમદાવાદને તા. ૦૩/૦૫/૨૦૨૧ ના રોજ વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો. તે પરત્વે ઈજારદારશ્રી દ્વારા અત્રે દ્વારા આપેલ વર્ક ઓર્ડર મુજબ રૂ. ૨૧,૧૭,૫૫,૯૪૮.૭૫ (૩૭.૦૮% ખભીફધ) નું કામ સોંપવામાં આવેલ છે. તે પરત્વે ઈજારદારશ્રી દ્વારા મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ માં ડ્રેનેજ નેટવર્કની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે જેમાં વડોદરા મહાનગરપાલિકા તથા વુડાની ડ્રેનેજ પ્રોજેકટ બાબતે તા. ૨૩/૧૨/૨૦૨૨ ના રોજ થયેલ સંયુકત મીટીંગમાં થયેલ ચર્ચા મુજબ ૧૮૦ LPCD મલિનજળ પ્રમાણે ગણતરી કરવાનું નક્કી થયેલ છે. જેમાં અત્રે દ્વારા સદર કામગીરીમાં CPHEEO મેન્યુઅલ પ્રમાણે ૧૩૫ LPDC પ્રમાણે મલિનજળની ગણતરી કરી ડિઝાઈન તૈયાર કરવામાં આવેલ હતા. જેના કારણે બાકી રહેલ કામગીરીમાં હાલ ૭૫.૦૦ મીટર રીંગરોડનો કબજો વુડાને સુપ્રત થયા બાદ સદર રોડ પર અત્રેની મેઈન ટ્રંક લાઈન નાખવાની કામગીરી કરવાની થતી હતી. જેમાં વડોદરા મહાનગરપાલિકાના પત્રમાં જણાવ્યા મુજબ ૧૮૦ LPCD પ્રમાણે ગણતરી કરતા મેઈન ટ્રંક લાઈનની ડિઝાઈનમાં ફેરફાર થયેલ હોઈ, જેમાં ૭૦૦ તથા ૯૦૦ mm ડાયા RCC પાઈપ નાખવાની થાય છે તથા પમ્પીંગ સ્ટેશન અને રાઈઝીંગ મેઈન લાઈન નાખવાની બાકી હોઈ, ઉપરોકત કામગીરીમાં ડિઝાઈનમાં ફેરફાર થવાના કારણે રૂ. ૪,૨૨,૨૭,૯૬૧.૦૦ ની બચત થયેલ છે તથા રૂ.૧૧,૪૧,૯૬,૯૩૦.૦૦ નો વધારાનો ખર્ચ થાય તેમ છે. આમ જથ્થા વધારાના કારણે થતી રકમ વહીવટી મંજુરીથી મળેલ રકમથી વધારે થતી નથી. આમ ઉપરોકત વિગતે સદર વધારાની તથા નવીન કામગીરી કરવા માટે તથા તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા યોગ્ય તે નિર્ણય અર્થે રજુ કરતા સર્વ સમંતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૮૨) :** વુડા વિસ્તારના મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨ અને સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ ને જોડતી ડ્રેનેજ નેટવર્ક અને ટી.પી.સ્કીમ નં. ૨૪/એ તથા ૨૪/બી માંથી પસાર થતા ૭૫.૦૦ મીટર રોડ પર મેઈન ટ્રંક લાઈન નાખવાની કામગીરીમાં વડોદરા મહાનગરપાલિકાની ગાઈડલાઈન મુજબ ડિઝાઈનમાં ફેરફાર થવાના કારણે રૂ.૧૧,૪૧,૯૬,૯૩૦.૦૦ નો વધારાનો ખર્ચને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૦૬) : સત્તામંડળનું સને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૫-૨૬ નું અંદાજપત્રને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર આ સાથેના પત્રકમાં સામેલ રાખેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજૂ કરેલ છે.

**ઠરાવ ક્રમાંક (૨૯૮૩) :** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૨૪-૨૫ ના નાણાકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૫-૨૬ ના અંદાજપત્ર બોર્ડ બેઠકમાં રજુ કરવામાં આવેલ. આ વડોદરા શહેરી વિકાસ સતામડળના નાણાકીય વર્ષ-૨૦૨૪-૨૫ ના સુધારેલ અંદાજપત્ર અને નાણાકીય વર્ષ-૨૦૨૫-૨૬ ના અંદાજપત્ર ને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

**મુદ્દા નં (૦૭) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૫ (હનુમંતપુરા-અણખોલ-ખટંબા-બાપોદ) નો એવાર્ડ પહેલાંની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની નગર રચના યોજના નં.૨૫ (હનુમંતપુરા-અણખોલ-ખટંબા-બાપોદ) સરકારશ્રી દ્વારા તા.૩૧/૧૨/૨૦૧૯ના જાહેરનામાં ક્રમાકઃ જીએચ/વી/૧૯૧ ઓફ ૨૦૧૯/ટીપીએસ-૧૨૨૦૧૯-૩૬૬-એલ થી મંજૂર કરાયેલ છે. જે પરત્વે સરકારશ્રી દ્વારા અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૫૦ (૧) હેઠળ નીમાયેલ નગર રચના અધિકારીશ્રી દ્વારા તા. ૧૦/૧૦/૨૦૨૪ ના પત્રાંક ન.ર.યો./નં.૨૫ (હ-અ-ખ-બા)/ એ.પ. પરામર્શ(૧% પાર્કિંગ + અર્બન ફોરેસ્ટ) ૫૭૧૬ થી એવોર્ડ પહેલાની દરખાસ્ત પરત્વે રસ્તારેષા તથા સતામંડળના અનામત પ્લોટોના પરામર્શ માટે પાઠવાયેલ છે. જે અંગે અત્રેની કચેરી દ્વારા કરાયેલ સ્થળ નિરીક્ષણ સહ સૂચન પત્રક આ સાથે સામેલ છે. જે વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીની સમક્ષ રજૂ કરવાની થાય જે અંગે વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીની સમક્ષ ચર્ચા વિચારણા અર્થે સાદર રજુ.

**<u>ઠરાવ ક્રમાંક (૨૯૮૪) :</u>** મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૫ (હનુમંતપુરા-અણખોલ-ખટંબા-બાપોદ) ની પ્રારંભિક યોજનાના એવોર્ડ પહેલા ના પરામર્શ ની દરખાસ્ત પરત્વે રસ્તા તથા સત્તામંડળને ફાળવેલ પ્લોટોના પરામર્શ માટે વુડા વિસ્તારમાં સમાવિષ્ટ મોજેઃ હનુમંતપુરા, અણખોલ અને ખટંબા પૂરતી દરખાસ્ત નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવવામાં આવેલ. જેને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે સુચન સહ પરામર્શ આપવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નં (૦૮) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર મુસદ્દારૂપ નગર રચના યોજના ૦૨ (સમા-દુમાડ-વેમાલી) નો એવાર્ડ પહેલાંની દરખાસ્ત બાબતે નગર રચના અધિકારીશ્રીને પરામર્શ આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની નગર રચના યોજના નં. ૦૨ (સમા-દુમાડ-વેમાલી) સરકારશ્રી દ્વારા તા.૧૬/૦૫/૨૦૧૪ના જાહેરનામાં ક્રમાકઃ જીએચ/વી/૧૧૩ ઓફ ૨૦૧૪/ટીપીએસ-૧૨૨૦૧૩-૩૭૫૯-એલ થી મંજૂર કરાયેલ છે. જે પરત્વે સરકારશ્રી દ્વારા અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૫૦ (૧) હેઠળ નીમાયેલ નગર રચના અધિકારીશ્રી દ્વારા તા. ૨૩/૦૧/૨૦૨૪ ના પત્રાંક ન.ર.યો./નં.૨ (સમા-દુમાડ-વેમાલી)/૩૦૮ થી એવોર્ડ પહેલાની દરખાસ્ત પરત્વે રસ્તારેષા તથા સતામંડળના અનામત પ્લોટોના પરામર્શ માટે પાઠવાયેલ છે. જે અંગે અત્રેની કચેરી દ્વારા કરાયેલ સ્થળ નિરીક્ષણ સહ સૂચન પત્રક આ સાથે સામેલ છે. જે વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીની સમક્ષ રજૂ કરવાની થાય જે અંગે વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીની સમક્ષ ચર્ચા વિચારણા અર્થે સાદર રજુ.

<u>**ઠરાવ ક્રમાંક (૨૯૮૫) :**</u> મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૦૨ (સમા-દુમાડ-વેમાલી) ની પ્રારંભિક યોજનાના એવોર્ડ પહેલા ના પરામર્શ ની દરખાસ્ત પરત્વે રસ્તા તથા સત્તામંડળને ફાળવેલ પ્લોટોના પરામર્શ માટે વુડા વિસ્તારમાં સમાવિષ્ટ મોજેઃ દુમાડ પૂરતી દરખાસ્ત નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવવામાં આવેલ. જેને વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે સુચન સહ પરામર્શ આપવાનું ઠરાવવામાં આવ્યું અને આ અંગે ની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.